# કઠોપનિષદ

## શિબિર-૭

## પ્રવચન-૧ તા. ૨૪-૧૦-૨૨ બપોર

## અધ્યાય-૨ દ્વિતીય વલ્લી

## <u>ગુહ્ય બ્રહ્મ ઉપદેશ</u>

### <u>દેહ સંબંધી અભિગમ - ઉપનિષદનો</u>

#### <u>દેહ પ્રત્યે - ઋષિ અભિગમ</u>

* ઉપનિષદના ઋષિઓની - દેહ માન્યતા અભિગમ
  - નિંદા નથી કરતા - બહુમાનપૂર્વક
  - દા.ત. મંદિર - જેમાં પરમાત્માનો નિવાસ
* શરીર પવિત્ર - ન અપવિત્ર
  - અશુચિ - ઘૃણા - નિંદા
  - નરકનો દ્વાર - એ દૃષ્ટિકોણ નહીં

---

* દુઃખ - પીડાનું કારણ નહીં
  - શરીરે તમને નથી પકડ્યા
  - તમે શરીરને પકડ્યું છે
* તમે પસંદ કર્યું છે - તમારી વાસના
  - પૂર્વભવની ઇચ્છાનું મૂર્તરૂપ છે
  - તેં જે ઇચ્છ્યું તે મળ્યું છે
* તેનું ભાન નહીં કારણ કે
  - દા.ત. બીજ - અંકુર = વાવણીનું વિસ્મરણ
  - દા.ત. આફ્રિકન આદિવાસીઓ = સંબંધ નથી જોડી શકતા
* લાંબા સમયના અંતરના કારણે
  - કારણ કાર્યરૂપ થયાં છે
  - તમારી ઇચ્છાનું જ પરિણામ છે

---

* જે દિવસે - શરીરની પકડ છોડો
  - તે દિવસ છે દેહવિલયનો
  - જીવન્મુક્ત દા.ત. ચૈત્ર વદ ૫ નહીં

---

* શરીરને સતાવવાની જરૂર નથી
  - શરીર દુશ્મન નથી - સાધન છે
  - દેહભાવરહિત થવાનું છે
* શરીરવિરોધી સંપ્રદાયો
  - દા.ત. ખ્રિસ્તી સમુદાય - કોડા મારે
  - કાંટા જોડાં - ખીલાવાળો પટ્ટો
  - ભૂખ્યો - તડકામાં એક પગ ઉપર
  - સ્વપીડન કરનાર - ધાર્મિક!!

#### <u>દેહના બે ઉપયોગ</u>

* આપણે આદર - બહુમાન - પ્રમોદ દર્શાવીએ
  - અજ્ઞાન - દેહ હું છું
  - દા.ત. ગાડીની પીટાઈ - તમને ખોટી જગ્યાએ લઈ જાય
* શરીર રથ છે - રથિ, સારથિ
  - તમારી બુદ્ધિ તમને લઈ જાય - વેશ્યાલય, જિનાલય
  - રથને કેમ પીડા આપો છો? - જ્યારે બુદ્ધિ સ્ટિયરિંગ વ્હીલ પર
* કેમ ઇન્દ્રિયોને નુકસાન
  - દા.ત. હાથ કાપે - આંખ ફોડે - જનનેન્દ્રિય નુકસાન
  - એ તમે છો જે વાસના સેવે છે

---

* શરીરતંત્રના બે ઉપયોગ -
  - સ્વયંના વિસ્મરણ માટે = વાસના
  - સ્વયંના સ્મરણ માટે = ધ્યાન

---

* ક્ષુદ્ર સુખોથી - ભૂલવાની કોશિશ
  - દા.ત. દારૂ - સંગીત - સંભોગ - ભોજન
  - સ્વયંને ભૂલવાના પ્રયત્નો
* વાસનાનો માર્ગ - આત્મવિસ્મરણનો માર્ગ
  - આત્મસ્મૃતિ બહુ દૂર રહે
  - પરમાત્માથી દૂર થઈ જાય

---

* શરીર, મનનો ઉપયોગ - હોશ સાધવામાં કરો
  - જેમ હોશ - તેમ ભિન્ન, અલગ, અંતર ભાસે
  - દા.ત. ગાડીમાં પેટ્રોલ - શરીરમાં ભોજન
* બધું સાક્ષીભાવે થવા લાગશે
  - આત્મવિચાર / ધ્યાનથી - આત્મપ્રદેશમાં પ્રવેશ
  - દેહમાં છતાં - દેહભાવથી મુક્ત
* આ જીવન્મુક્તદશા છે
  - જીવતાં છતાં મુક્ત
  - દેહ છૂટતાં વિદેહમુક્તિ

## શ્લોક - ૧

## કેમ આત્મા પુરુષ?

## ધ્યાનથી શોકમુક્ત

## જીવન્મુક્ત - વિદેહમુક્ત

### નગર - શરીર ૧૧ દ્વારનું

I) पुरम् एकादश द्वारम्

* કેમ આત્માને પુરુષ કહેવાય?
  - શરીરરૂપી પુરમાં શયન = પુર + ષ
  - દેહની પુર / પુરી / પુરમ્ / નગરી સાથે સરખામણી

* નગરમાં કિલ્લો - અનેક દરવાજા
  - શરીરનાં ૧૧ દરવાજા / બાકોરાં

| ૨ | ૨ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ |
|---|---|---|---|---|---|---|
| કાન | આંખ | નસકોરાં | મુખ | નાભિ | મળમૂત્ર | બ્રહ્મરંધ્ર |

  - ૧૧ દ્વારનું નગર પુર / પુરમ્ કહેવાય
  - ૧૧ સૂક્ષ્મ છિદ્રો જેના દ્વારા આત્મા શરીરને છોડે
  - જૂના સમયમાં - નગરને કિલ્લેબંધ કરતાં - પુરી - પુરમ્ કહેવાય

* નગરમાં રાજા - એક સ્થળેથી - સંચાલન
  - ૧૧ દરવાજાવાળા દેહમાં - હૃદયાકાશે રહી
  - આત્મા સાક્ષીભાવે સંચાલન કરતો જણાય છે

* નગરમાં મુખ્યમંત્રી - દેહમાં પ્રાણ

* નગરમાં તંત્રો = બાંધકામ તંત્ર - વહીવટ તંત્ર - અર્થ તંત્ર
  - દેહમાં પાચનતંત્ર - શ્વાસતંત્ર - રુધિરતંત્ર

* નગરનાં દ્વાર રાત્રે બંધ - અવરજવર નહીં
  - દેહનગરનાં ઇન્દ્રિયો દ્વાર રાત્રે બંધ
  - દા.ત. આંખ બંધ - મોં બંધ

* આમ
  - ઉપરના ભાગમાં - ૭
  - નીચેના ભાગમાં - ૩
  - મસ્તકના મધ્યભાગમાં - ૧

* આપણા શરીરમાં
  - દરવાજા - દરવાનો - રાજમહેલ - રાજા અસ્તિત્વ ધરાવે છે
  - ચાકરો રાજાના આદેશોનું પાલન કરે છે
  - જ્ઞાનરૂપી આત્મા રાજાની જેમ સુખચેનથી શયન કરે છે (સાક્ષીભાવે)

* શરીરને નગર કહેવું - ઉચિત છે
  - શરીર ખરેખર નગર સમાન છે
  - ગીચ વસ્તીવાળું

* ૭૦૦ કરોડ જીવકોશથી બનેલું છે
  - જો જીવકોશો - એકબીજા ઉપર
  - દા.ત. લંડન જેવા મોટા નગર સમાન

* જેમ લંડનમાં
  - રસ્તાઓ / નદી / પોલીસ / નગરજનો
  - હાડકાં / લોહી / સફેદ રક્તકણો / જીવકોશો

### ક્યારેય જન્મ / મૃત્યુ નહીં - અપરિવર્તનશીલ

II) अजस्य अवक्रचेतसः

* જેમ રાજા નગરનો સ્વામી કહેવાય
  - તેમ દેહરૂપી પુરનો સ્વામી આત્મા કહેવાય
  - જે અજન્મા - અમરણધર્મા છે

* અવક્ર છે - વક્રતામુક્ત છે
  - વિકારોરહિત - અવિકારી - અપરિવર્તનશીલ
  - સર્વમાં સમાનરૂપે છે - સર્વદા સમાનરૂપે

* આત્માની સત્તા / સ્ફૂર્તિથી
  - દેહનાં તંત્રો ચાલે છે
  - આત્મા નિષ્ક્રિય - તેની ઉપસ્થિતિથી - દેહ, ઇન્દ્રિયાદિ સક્રિય

* દેહ માત્ર વસ્ત્રરૂપ છે
  - શરીરથી વસ્ત્ર ભિન્ન તેમ — દા.ત. તેને ચામડી ન બનાવો
  - આત્માથી દેહ ભિન્ન છે

* વસ્ત્ર બદલાય - દેહ બદલાય
  - આત્મસ્વરૂપ અપરિવર્તનશીલ - અવિકારી
  - નિરુપાધિક - નિરંજન - નિત્ય છે

| ધ્યાન કરો - દુઃખથી મુક્ત | જીવન્મુક્ત - વિદેહમુક્ત |
|---|---|
| III) अनुष्ठाय न शोचति<br>* ઉપર વર્ણવેલા આત્માનું<br>- અનુષ્ઠાન / ધ્યાન કરવું જોઈએ<br>- તે શોક કરતો નથી - પાર થાય છે | IV) विमुक्तश्च विमुच्यते<br>* આત્માનું ધ્યાન કરવાથી - જીવન્મુક્ત થાય છે<br>- જીવતાં છતાં મુક્ત - જીવન્મુક્ત<br>- મૃત્યુ બાદ / દેહપતન પછી - વિદેહમુક્ત |
| * આત્માનું ચિંતન - મનન - અનુસંધાન<br>- ઔષધ : વિચાર ધ્યાન<br>- ચિંતન - ધ્યાન<br>* ચિત્ત શુદ્ધ - શાંત - તો એકાગ્ર<br>- વાસનામુક્ત કરી - આત્મવિચારમાં<br>- તો અવિદ્યાજનિત અહંકારથી મુક્ત થવાય<br>* તો સત્સ્વરૂપની અનુભૂતિ થાય<br>- શંકામુક્ત - શ્રદ્ધાયુક્ત આત્મજ્ઞાન થાય<br>- જેથી શોકમુક્ત થવાય<br>* આત્મભાવ પુષ્ટ - ઉદય / દેહથી ભિન્ન<br>- મોહ - શોકમુક્તિ અનુભવાય<br>- ક્રમશઃ જન્મમરણ જંજાળથી મુક્ત થાય | * બ્રહ્મવિચારમાં સ્થિત થયેલ<br>- જીવતાં છતાં મુક્ત - દેહ ઉપાધિ હોવા છતાં<br>- દેહમાં હોવા છતાં અસંગ / અબંધ / સાક્ષીમાત્ર રહે<br>* જ્ઞાન થતાં - દેહ ઉપાધિ નષ્ટ થઈ નથી<br>- જ્ઞાની દેહ / પ્રારબ્ધ વિઘ્નરૂપે નથી<br>- બંધનકર્તા નથી / તેનાથી ખરડાતા નથી<br>* જ્ઞાનમાં દેહથી મુક્ત - દેહ વિલય પામ્યો<br>- જ્યારે દેહનો પણ વિયોગ - વિદેહમુક્ત<br>- પુનઃ જન્મ નહીં - કારણ કે કર્મ રહ્યાં નથી |
| | * જીવન્મુક્ત - પ્રારબ્ધ ભોગવવા દેહમાં અટકે<br>- દા.ત. મહાવીર ભગવાન - ૩૦ વર્ષ<br>દા.ત. મહાત્મા બુદ્ધ - ૪૦ વર્ષ<br>- વાસના નહીં - પ્રારબ્ધ ભોગવવા - અન્યનાં કલ્યાણ (કરુણા) માટે ઉપયોગ<br>* મહાત્મા બુદ્ધે કહ્યું - સંબોધિ પછી<br>- હે વાસના! હવે મારા માટે ઘર નહીં બનાવવું પડે<br>- કોઈ વાસના બાકી નહીં - તેથી શરીરની જરૂર નહીં<br>* આમ તો જીવન્મુક્ત થતાં જ વિદેહી<br>- તાદાત્મ્ય છૂટતાં - દેહ અલગ ભાસે<br>- દા.ત. ચૈત્ર વદ પાંચમે કે ૧૯૪૭માં? દા.ત. જનક વિદેહી<br>* છતાં શરીર ઉપાધિ પણ નષ્ટ<br>- ત્યારે દુનિયા વિદેહી માને છે<br>- દા.ત. ઘટ ફૂટતાં - ઘટાકાશ મહાકાશમાં |
| | * एतद् वै तत्<br>- નિશ્ચય આ જ તે બ્રહ્મતત્ત્વ છે<br>- જેના વિષે તેં પૃચ્છા કરી હતી |

## શ્લોક - ૨

## સર્વમાં એક આત્મા જ વ્યાપ્ત છે

## સ્વમાં / સૌમાં વસે છે

### મંત્રનું તાત્પર્ય - તત્ત્વાર્થ

* આગલા મંત્રમાં

- માનવશરીરમાં વસતા પુરુષની સમજ
  આપવામાં આવી હતી

* આ મંત્રમાં

- સર્વમાં એ જ આત્મા છે તેની
  સમજ આપવામાં આવી છે

**વેદાંત માન્યતા**

* માત્ર એક આત્મા જ જગતનું

- સર્વવ્યાપી કારણ છે
- તે આત્મા અભેદ - અદ્વિતીય છે

* બ્રહ્મ સર્વત્ર છે

- ભીતર જુઓ - બહાર જુઓ
- એ જ આત્મા વિવિધ રૂપોમાં (શરીર)

* બ્રહ્મ

દરેક વસ્તુનું અંતર્ગત સત્ય છે
દા.ત. વિવિધ ઘડાઓમાં માટી

* સર્વ સ્થાનો પર

અહીં - ત્યાં / નીચે - ઉપર / બહાર - ભીતર
એ જ તત્ત્વ છે

* ત્યારે સમજાશે જ્યારે

પોતામાં તે અનુભવાશે
દા.ત. હજાર ઘડામાં ઘટાકાશ

* ઘડા તરફ નજર - તો હજાર

- ઘટાકાશ તરફ નજર - એક આકાશ
- શરીર ઘડા જેમ - આત્મા આકાશ જેમ

* વિશ્વમાંની જીવંત રચનાઓની

તાલબદ્ધ યાદી
આ મંત્રમાં પ્રસ્તુત કરે છે -

### જુદી જુદી રચનાની યાદી

* હંસ = સૂર્ય (ગમન કરનારો)

- **हंसः शुचिषत्** - ગગને વસનાર સૂર્ય
- હંસ = સૂર્ય જે ગતિ કરે
- સૂર્ય તરીકે તે સ્વર્ગમાં નિવાસ કરે છે
- આત્મા જ સૂર્યની ઉપાધિમાં
  ગગનમાં સતત ગમન કરે છે
- આત્મા ગગને ગમન કરનારા સૂર્ય જેવો છે
  સૂર્યરૂપે આકાશે ચલન કરે છે

* વસુ = વાયુ

**वसुः अन्तरिक्षसत्**

- વાયુરૂપે અંતરિક્ષમાં વિહાર કરે છે
- અવકાશમાં ઘૂમે છે
- આત્મા વાયુરૂપે પ્રગટ થઈ
  સર્વત્ર વિહરતો રહે છે
- જેમ સૂર્ય સ્વર્ગમાં નિવાસ કરે
  જેમ વાયુ આકાશમાં નિવાસ કરે

* હોતા = વૈદિક અગ્નિ

**होता वेदिषत्**

- યજ્ઞમાં પંડિતો આહુતિ આપે તેને હોતા કહેવાય
- અગ્નિ પૃથ્વીનો દેવ ગણાય
  વાયુ અંતરિક્ષનો દેવ ગણાય
  સૂર્ય સ્વર્ગનો દેવ ગણાય
- આમ અગ્નિ - વાયુ - સૂર્ય
  સૌ આત્મા જ છે
- તત્ત્વાર્થે આત્માથી જ સર્વ કાંઈ
  થાય છે તેવો ઉપદેશ
- તે યજ્ઞની વેદીમાં નિવાસ કરનાર અગ્નિ સમાન છે
- કારણ કે અગ્નિ સદા પવિત્ર
  તે જેને બાળે છે તેનાથી મલિન ન થાય
  આત્મા સદા શુદ્ધ

* <u>अतिथि</u> = ઘરમાં વસે

अतिथिः दुरोणसत्

- ઘરમાં અતિથિની જેમ નિવાસ કરે છે
- જેમ અતિથિ આવે અને જાય
  આત્મા મહેમાન છે
- બરાબર નથી લાગતું કારણ કે
  ઘર કાયમી

- બીજો અર્થ :
  આત્મા કળશમાં સોમરસ સમાન છે
- કળશ = મોટો ઘડો જેમાં સોમરસ ભરાય
- આત્મા दुरोणसत्(કળશ)માં સોમરસરૂપે વસે છે
- જેમ કુંભાકાશમાં સોમ તેમ હૃદયાકાશે આત્મા વસે છે

* नृषद् - નરમાં / મનુષ્યમાં વસે છે

* वरसत् - દેવોમાં વસે છે

* ऋतसत् - યજ્ઞમાં વસે છે

* व्योमसत् - આકાશમાં વસે છે (ખેચર)

* अब्जा - જળમાં વસે છે / જન્મેલા
શંખ, છીપલાં, માછલાં, મગર (જળચર)

* गोजा - પૃથ્વીમાં વસે છે / જન્મેલા
ડાંગર, જવ, ઘઉંરૂપે (ભૂચર)
પૃથ્વીથી પ્રગટનારા

* ऋतजा - યજ્ઞથી પ્રગટનારા / જન્મેલા
યજ્ઞમાં યજ્ઞના અંગરૂપે આત્મા પ્રગટે છે

* अद्रिजा - પર્વતથી પ્રગટનારા / જન્મેલા
પર્વતોમાં નદી, ઝરણાંરૂપે પ્રગટે છે

* આમ મનુષ્યમાં - દેવોમાં વસનારો
આકાશ - જળ - પૃથ્વી - પર્વતમાં ઉત્પન્ન થનારો

સત્યસ્વરૂપે સૌથી મહાન છે

* <u>बृहत्</u> - મહાન

સર્વનું કારણ હોવાથી મહાન છે
અધિષ્ઠાન છે

* निष्कर्ष

અજન્મા આત્મા જ સર્વમાં પ્રગટે છે
છતાં દૃશ્યપ્રપંચનું અધિષ્ઠાન છે

* ટૂંકમાં

તે સત્‌સ્વરૂપ અને મહાન છે

* તું પામર નથી

પરંતુ અમર્યાદિત શુદ્ધ ચૈતન્યતત્ત્વ છે
જેને આત્મા કહેવાય છે

## શ્લોક - ૩
## વાયુનો નિયંતા આત્મા
## પૂજનીય છે - દેવો સેવા

| આત્મા પ્રાણનો નિયંતા | દેવો તેને ઉપાસે છે |
|---|---|
| * શરીરમાં 'જીવનના કેન્દ્ર' સમાન<br>- આત્માનો જો અભાવ હોત તો<br>- શરીર શ્વાસ લઈ શકત નહીં<br>* તેથી કહી શકાય કે આત્મા જ<br>- શરીરમાં વિભિન્ન પ્રાણોનો સંચાર કરી<br>- મૃત્યુ પર્યંત તેને જીવંત અને પ્રવૃત્ત રાખે છે<br>* શરીરમાં સંચરતા પાંચ પ્રાણોને કારણે જ<br>- ભૌતિક શરીર કાર્યાન્વિત થાય છે<br>- તે સર્વ એકસમાન હોવા છતાં<br>તેમનાં વિભિન્ન કાર્યોને કારણે પાંચ નામે ઓળખાય છે<br>* આ પાંચ પ્રાણો છે -<br>૧) પ્રાણ - ફેફસાં અને શ્વાસોચ્છવાસના<br>અવયવો દ્વારા અભિવ્યક્ત થતી શક્તિ (શ્વસનતંત્ર)<br>છાતીમાં સ્થાન<br>૨) અપાન - ગુદા અને મૂત્રાશય દ્વારા<br>કાર્યરત શક્તિ (ઉત્સર્ગતંત્ર)<br>પેડુમાં સ્થાન<br>૩) સમાન - પાચનક્રિયા દ્વારા કાર્યરત શક્તિ (પાચનતંત્ર)<br>નાભિમાં સ્થાન<br>૪) ઉદાન - ગળવું, વાણી<br>મુખના હાવભાવ દ્વારા<br>શરીરમાં અભિવ્યક્ત થતી શક્તિ<br>કંઠમાં સ્થાન<br>૫) વ્યાન - લોહીના પરિભ્રમણ દ્વારા<br>શરીરમાં અભિવ્યક્ત થતી શક્તિ (રુધિરતંત્ર)<br>આખા શરીરમાં સ્થાન<br>* આ ૫ વાયુ<br>- શરીરનાં વિવિધ ક્ષેત્રોનું અને<br>- વિવિધ શારીરિક તથા સૂક્ષ્મ ક્રિયાઓનું સંચાલન કરે છે | * પ્રાણ શરીરમાં ઊર્જા છે<br>- આત્મા નિયંતા છે<br>- પ્રાણવાયુ / ફેફસાં / નાકના કારણે નહીં<br>* આત્મા સાક્ષીભાવે - પણ ઉપસ્થિતિથી<br>- આત્માની સત્તા વડે તેહ પ્રવર્તે છે<br>- આત્માની મોજૂદગીમાં - પ્રાણ સક્રિય બને છે<br>* તેથી જ કહેવાય છે કે - આત્મા જ<br>- પ્રાણને હૃદયથી મસ્તિષ્ક સુધી અને<br>- અપાનને કટિથી નીચેના ભાગ સુધી ધકેલે છે |
| | * આત્મા જ સર્વશ્રેષ્ઠ - પૂજનીય છે<br>- વામનમ્ - સર્વશ્રેષ્ઠ પૂજનીય છે<br>- સુંદર અને શોભનીય છે<br>* દેહમધ્યે હૃદયાકાશમાં બિરાજેલ છે<br>- અંગુષ્ઠપ્રમાણ - હૃદયાકાશે રહી<br>- હૃદયમાં બિરાજમાન (ભૌતિક હૃદય નહીં)<br>- પ્રાણાદિને પ્રવૃત્ત કરે છે |
| | * વિશ્વે દેવા ઉપાસતે<br>- સર્વ દેવો તેની ઉપાસના કરે છે<br>- વામનરૂપ (લઘુ પણ શક્તિશાળી)<br>- દેવો દ્વારા પ્રશંસિત અને પૂજનીય<br>- કારણ કે તે અંતિમ સત્ય છે<br>જે દ્વારા સર્વ અસ્તિત્વ ધરાવે છે |
| * આત્મા છે જે<br>પ્રાણને ઉપર મોકલે - નીચે ધકેલે છે<br>શ્વાસ અને ઉચ્છ્વાસ<br>* આખું પ્રાણતંત્ર કાર્યરત છે<br>- આત્માને કારણે<br>- પ્રાણનો નિયંતા | * દેવોનો અર્થ જ્ઞાનેન્દ્રિયો પણ થાય<br>- આત્માની સત્તા વડે તે કાર્યરત થાય છે<br>- તેથી દેવો તેની આરાધના કરે છે એમ કહ્યું<br>- ઇન્દ્રિયો આત્માની સેવા કરે છે<br>૧) ચક્ષુ - રૂપ / રંગ / આકારનું જ્ઞાન કરાવે છે<br>૨) જિહ્વા - સ્વાદનું જ્ઞાન કરાવે છે વગેરે<br>- શબ્દાદિનું જ્ઞાન કરાવી આત્મદેવની સેવા કરે છે<br>* પ્રાણ, ઇન્દ્રિયો સૌ<br>આત્માનો આધાર લે છે પ્રવૃત્ત થવા |

## પ્રવચન–૨ તા. ૨૫–૧૦–૨૨ સવાર

### અપાન વાયુ

* ભારતીય ચિકિત્સાશાસ્ત્ર

- આયુર્વેદ - યોગ - તંત્ર = સર્વ માને છે
- શરીરમાં વાયુની બે દિશાઓ છે

* પ્રાણ - અપાન

- ઉપર તરફ - પ્રાણ (મસ્તક તરફ)
- નીચે તરફ - અપાન (મળમૂત્ર વિસર્જનનું કારણ)

* પ્રાણાયામ દ્વારા

- ઉપર જતી ધારાનો વિકાસ થાય છે
- વિસ્તાર થાય છે

* પ્રાણ (ઉપર) - અપાન (નીચે)

- મધ્યમાં સ્થિત આત્મા આ બન્ને વાયુનો નિયંતા છે

* જો શ્વાસ બહુ દૂર - જતો ન હોય

- પ્રાણ / અપાન કમજોર હોય તો
- અનેક બીમારીઓ ઉત્પન્ન થાય છે

* બ્રહ્મચર્યની રક્ષા માટે

- પ્રાણને એટલું વધારો - અપાન ઓછું બને
- ઊર્જા ઉપર તરફ વહે - નીચે તરફ નહીં

* કામ ઊર્જા પ્રાણ દ્વારા

- ઉપર તરફ વહે છે અને મસ્તકના
  કમળને ખીલવે છે

* અપાનના ધક્કાથી તે જ ઊર્જા

- કામવાસના પ્રજ્વલિત કરે
- બાળકના જન્મનું કારણ બને

* પ્રાણ-અપાનનું નિયંત્રણ - આત્મા

- તમારે નક્કી કરવું કે તમને ઊર્જાને ઉપર જવા દેવી
  છે કે નીચે

* પશુઓમાં - યોગીઓમાં ઊલટું

- પ્રાણ નિર્બળ હોય છે
- અપાન પ્રબળ હોય છે

### પ્રાણ વાયુ

* ભયની વૃત્તિ જાગતાં

- શ્વાસ છીછરા થાય - ઊંડા નહીં
- જ્યારે ગભરાયેલા ઉપરછલ્લા (ઇન્ટરવ્યૂ)

* ઊંડા શ્વાસ જાગૃતિપૂર્વક

- આધ્યાત્મિક વિકાસમાં સહાય કરે
- મહાત્મા બુદ્ધે આનાપાનસતિનું સૂચન

* શ્વાસ નાકને, નસકોરાંને, કંઠ, પેટ

- માત્ર જાણો
- શ્વાસ સાથે તમારી જાગૃતિ રાખો

* પ્રત્યેક શ્વાસના માર્ગને અનુસરો

- જાણનારના સ્મરણપૂર્વક જો થાય
- ચિત્ત શાંત - શુદ્ધ - એકાગ્ર બનતું જશે

* દરેક શ્વાસ સાથે સ્મૃતિ ભરતાં જાઓ

- સ્મરણ ઊંડું થતાં - શ્વાસ પણ ઊંડો થશે
- એક વિદ્યુતપ્રવાહ રીઢમાં અનુભવાતો જશે

* નિરંતર અભ્યાસ થકી - એક દિવસ

- સહસ્રારમાં પહોંચી જશે
- દરેક ચક્ર પર જુદી જુદી અનુભૂતિ થશે

* જીવનમાં

- નવી સુગંધ - નવો અર્થ - નવો પ્રકાશ -
  નવો અભિગમ - નવી અનુભૂતિ થશે

* આજ્ઞાચક્ર પર પસાર થતાં - તમે અનુભવશો

શરીર - ઇન્દ્રિયો - ચિત્ત તમારી આજ્ઞા માને છે
વિચાર, લાગણીઓના માલિક બની રહ્યા છો

* સહસ્રારમાં પહોંચતાં

અપૂર્વ આનંદ - શાંતિ - પ્રકાશનો અનુભવ થશે
૧૦૦૦ પાંખડી જાણે ખીલી ગઈ હોય!!

* આ બે પ્રાણો - પ્રાણ, અપાનની

મધ્યમાં પરમાત્મા બેઠો છે
જેના વિષે તેં પૂછ્યું હતું

## શ્લોક - ૪

## દેહસ્થ આત્મા જ જીવન છે

### આત્મા વિદાય લે ત્યારે

* શરીરમાં રહેલો આત્મા જ્યારે
  - દેહ છોડી પુનર્જન્મ માટે પ્રસ્થાન
  - ત્યારબાદ દેહમાં શેષ રહે છે શું?
* તેવા પ્રશ્નાર્થમાં જ ઉત્તર
  - સમાયેલો છે કે - કંઈ જ રહેતું નથી
  - દેહનું ખોખું માત્ર બચે છે

---

* સામાન્યપણે શંકા રહે છે કે -
  - આત્મા નીકળી ગયા પછી મૃતદેહમાં
  - જીવન રહે છે કે નહીં?
* પ્રસ્તુત મંત્ર દ્વારા - તેનું સમાધાન
  - મૃત્યુ વખતે આત્મા દેહ છોડી
  - પુનર્જન્મ માટે પ્રસ્થાન કરે છે
* ત્યારે દેહ મરે છે પરંતુ
  - આત્મા મરતો નથી - અમર છે
  - આત્મા અન્યત્ર પ્રસ્થાન કરે છે
  - દેહ જડ, નિષ્ક્રિય, ચેષ્ટારહિત રહે છે

---

* આત્મા જ્યારે દેહ છોડી પ્રસ્થાન કરે
  - ત્યારે એકલો જતો નથી પરંતુ
  - સાથે ભાવેન્દ્રિયોને ખેંચી લઈ જાય છે
* તેથી મૃતદેહમાં આંખ, કાન જેવાં
  - ઈન્દ્રિયગોલકો રહે છે પણ
  - દૃષ્ટિ, શ્રવણશક્તિ રહેતી નથી
* તે શક્તિ - આત્મા સાથે જાય
  - અને નવા દેહની દ્રવ્ય ઈન્દ્રિયોમાં પ્રવેશી
  - નવાં ઈન્દ્રિયગોલકોને શક્તિ પ્રદાન કરે છે
* તાત્પર્ય - ઈન્દ્રિયશક્તિ આત્મા સાથે જતી હોવાથી
  - મૃતદેહનાં આંખ, કાન, નાક આદિ
  - કોઈ ક્રિયા / હલનચલન / પ્રવૃત્તિ કરી શકતાં નથી
  - તેથી કહ્યું - કંઈ પણ શેષ રહેતું નથી

### મૃતદેહમાં કંઈ શેષ રહેતું નથી

* આત્મા દેહ છોડતી વખતે
  - મન અને ઈન્દ્રિયોને સાથે લઈ જાય છે
  - અતૃપ્ત વાસનાઓ મનમાં સંગૃહીત
    તે પણ સાથે જાય છે
* તેથી કહ્યું किमत्र परिशिष्यते
  - કારણ કે સર્વ જાય - કંઈ બાકી રહેતું નથી
  - દેહ સિવાય
* ઈન્દ્રિયોનો જગત સાથેનો
  - વ્યવહાર / વ્યાપાર બંધ થઈ જાય છે
  - દા.ત. આંખનો ડોળો હોય - જોવાની શક્તિ નહીં
* દા.ત. રાજા રાજ્ય છોડી ચાલ્યો જાય
  - નગરજનો બળહીન - ચેષ્ટાહીન બની જાય
  - અવયવો નિસ્તેજ પડ્યા રહે છે
* જેના ઉપર તમામ ઈન્દ્રિયો આધારિત છે
  જે પ્રાણોનો નિયામક છે
  - શરીરરૂપી ૧૧ દ્વારની નગરીમાંથી વિદાય
  - ત્યારે જે માટીમાંથી તેની રચના થયેલી
    તેમાં અંતે ભળે છે - સડીને નષ્ટ થાય છે
  - અન્યના ખભે સ્મશાનઘાટે પહોંચે છે

---

* આત્મા શરીરમાં નિવાસ કરે છે
  - જ્યારે તે શરીરને છોડી
  - શરીરમાં કંઈ રહેતું નથી જેને 'જીવંત' કહેવાય
  - કોઈ ચેતનવંતી ક્રિયાઓ દેખાતી નથી
  - સ્મશાનની રાખનો ઢગલો
* મહત્ત્વ ન આપો તમારાં
  વિચારો - લાગણીઓ - સિદ્ધિઓ - પ્રતિભાને
  આત્મા પર લક્ષ આપો
* આ આત્મસ્વરૂપ છે
  જે તેં પૂછ્યું હતું
  જાણવા ઉત્સુક

## શ્લોક - ૫

## ચૈતન્યથી જીવન છે - પ્રાણ(વાયુ)થી નહીં

### ચૈતન્યથી જીવન છે

* સમાજની જે ભ્રાંતિ છે કે

- પ્રાણ જ દેહનો વ્યવહાર ચલાવે છે
- માટે પ્રાણ ગયા પછી દેહ નિષ્ક્રિય બને છે

* તેવી ભ્રાંતિનું ખંડન જોવા મળે છે

- કારણ કે પ્રાણનું સ્વતંત્ર અસ્તિત્વ જ નથી
- પ્રાણ આત્માના આશ્રયે જ રહે છે
- આત્માના આશ્રય વગર પ્રાણ જડ છે

* જીવન પ્રાણ(શ્વાસ)ના કારણે નથી

- પરંતુ ચૈતન્યસ્વરૂપી આત્મા
- પ્રાણ આત્મા પર નિર્ભર છે

* તમે જીવો છો તેથી
શ્વાસ, પાચન વગેરે

નહીં કે શ્વાસ, પાચન વગેરે
તેથી જીવો છો (બધા અવયવ ઉપકરણો માત્ર છે)

* જીવવિજ્ઞાનના કારણે જીવંત નહીં

- પરંતુ આત્મા - આ સમજો
- ઊંડું ચિંતન કરો - સૂક્ષ્મ વિચાર
- દેહ / ઇન્દ્રિય / પ્રાણ સર્વ આત્મા પર નિર્ભર

* આ મંત્રમાં સ્પષ્ટ કરવામાં આવ્યું -

- ચેતનતત્ત્વના આશ્રયે પ્રાણ / અપાન વાયુ રહેલા છે
- આત્માના અસ્તિત્વના કારણે જ
  તે પ્રવર્તે છે - પોતાનું કાર્ય કરી શકે

* પ્રાણ / અપાનનું ભિન્ન કોઈ સ્વતંત્ર અસ્તિત્વ નથી

a) પ્રાણ = લોહીપ્રવાહનું તંત્ર સંભાળે છે
b) અપાન = ઉત્સર્ગ તંત્ર સંભાળે છે
(મળમૂત્ર વિસર્જનનું કાર્ય)

### પ્રાણ નહીં - આત્મા પર નિર્ભર

* આવા પ્રાણ / અપાન વાયુ

- જીવાત્માના આશ્રયે રહે છે

* જ્યારે જીવાત્મા દેહ ત્યાગી
ઉત્ક્રમણ કરે છે ત્યારે

- પ્રાણ / અપાન તેની સાથે જ દેહ ત્યાગે છે
- આથી પ્રાણરહિત દેહ નિષ્ક્રિય પડ્યો રહે છે

* જીવાત્માની સત્તા / સ્ફૂર્તિ / પ્રેરણા વગર

- પ્રાણ / અપાન - ઇન્દ્રિયો વગેરે
  સ્વતંત્ર રીતે ભેગાં મળીને દેહનો
  વ્યવહાર / વ્યાપાર ચલાવી શકે નહીં

* કારણ કે તે સૌને

- ચેતના પ્રદાન કરી તેમને કાર્યાન્વિત
- કરનાર તો કોઈ અન્ય જ છે (આત્મા)

* જેના આશ્રયે સૌ કોઈ રહે છે

- તે આત્મા જ સૌનો જીવનદાતા છે
- જેનાથી સર્વ પ્રાણી (ભૂતમાત્ર) જીવે છે

* સંઘ - કર્મ માટે / એકાંત - જ્ઞાનપ્રાપ્તિ માટે

a) દેહસ્થ જીવાત્મા જ પોતાના ઉપભોગ માટે
ઇન્દ્રિય / પ્રાણ / મનબુદ્ધિ એકત્ર કરી - સંઘ કરી
તેમને કાર્યાન્વિત / કર્મશીલ બનાવી - ભોગ ભોગવે છે

b) કર્મ કરવા જ સાથ / સંઘાત / સંઘ / જોડાણ જોઈએ
જ્ઞાનપ્રાપ્તિ માટે ટોળું / સમૂહ જરૂરી નથી
જ્ઞાન તો એકાંતમાં જ પ્રાપ્ત થાય

c) આશ્રમ, ઘર, કારખાના માટે સંઘ જરૂરી છે
ધર્મ તો આંતરખોજ છે - સંઘ જરૂરી નથી

d) પુનર્જન્મ માટે આત્મા મન / ઇન્દ્રિયો સાથે
લઈ જાય - પણ જેને જન્મમરણનો અંત
આણવો છે - તેને દેહાદિ જરૂર નથી -
અંતર્મુખ થઈ, છૂટો પડી, એકાંતમાં
પ્રાપ્ત કરે છે

## શ્લોક - ૬

## મરણોત્તર કાળમાં જીવની ગતિ

### આત્મા વિષે તને કહીશ

* હે ગૌતમવંશીય નચિકેતા

  - પૂર્વે તેં જે પ્રશ્ન પૂછ્યો હતો કે
  - મૃત્યુ બાદ જીવાત્માનું થાય છે શું?

* તે હું તને હવે જણાવીશ

  - બ્રહ્મનું રહસ્યમય સ્વરૂપ તથા
  - મૃત્યુ પછી આત્માનું શું થાય
    તે સમજાવીશ

* હે ગૌતમ! (हन्त ते प्रवक्ष्यामि)

  - તને આત્મસ્વરૂપ વિષે શીખવાડીશ
    (તેના વિષે પહેલાં વાત કરી હતી)
  - અને (હવે) મૃત્યુ બાદ તેનું શું થાય છે

* આ જ્ઞાન મેળવ્યે

  જીવ જન્મ અને મરણના ચક્રમાંથી (સંસાર) મુક્ત થાય છે

* યમરાજે અત્યાર સુધી જે કંઈ કહ્યું

  - તે વિષયપ્રવેશ કરવા માટેની
  - પ્રસ્તાવના હોવાનું જણાય છે

* હવે યમરાજ હેતપૂર્વક નચિકેતાને જણાવે છે

  - મૃત્યુ પછી જીવનું શું થાય છે
  - તેનું જ્ઞાન હવે પ્રદાન કરશે

* મૃત્યુ પછી શરીર - જડ અને ઠૂંઠું થાય છે

  - પણ આત્માનું શું થાય છે તે જણાવીશ
  - યમરાજથી વિશેષ આ વિષયનો
    જાણકાર / વૃત્તાંતકાર બીજો કોઈ હોઈ શકે નહીં

* શરીર નાશ થાય છે ત્યારે

  - આત્મામાં કોઈ પરિવર્તન થતું નથી
  - શાશ્વતપણે એકસમાન જ રહે છે
  - નાશ પામતો નથી - અજર
    અજન્મા - શાશ્વત

### મૃત્યુ બાદ શું થાય છે?

* गुह्यम् ब्रह्म सनातनम्

  - બ્રહ્મ કે આત્મતત્ત્વ અત્યંત
  - ગુહ્ય - ગોપનીય છે

* ત્રણે કાળ રહેનારું

  - કાળમાં નષ્ટ ન થનારું શાશ્વત છે
  - તેથી તેને સનાતન કહેવામાં આવે છે

* બ્રહ્મતત્ત્વનો કાળમાં અભાવ થઈ શકે નહીં

  - ભૂતમાં હતો - વર્તમાનમાં છે - ભવિષ્યમાં રહેશે
  - કોઈ કાળે તેનો અભાવ થતો નથી

---

* આવા બ્રહ્મ વિષે જાણીને

  - સમગ્ર સંસારની નિવૃત્તિ થઈ જાય છે
  - સંસારબંધન છૂટી જાય છે
  - દુઃખની પાર થઈ જવાય છે
  - પરિભ્રમણનો અંત આવે છે

* વૈરાગ્યવંત આત્માર્થીને આ સાંભળીને

  - આત્મજ્ઞાનનો સંવેગ પ્રાપ્ત થાય છે
  - તે હેતુથી તેનો હું ઉપદેશ કરીશ

---

* અમુક સત્યો એવાં હોય છે કે

  - જે વારંવાર કહેવાં પડે છે
  - કારણ કે તમે એટલા બહેરા છો
    કે તમે એને ગ્રહણ ન કરી શકો

* દા.ત. મહાત્મા બુદ્ધ એક જ વસ્તુ કહેતાં

  - ૩ વાર
  - જે અનુવાદ કરતાં -
    છેકી નાંખતાં કારણ કે તે પુનરાવર્તન હતું

* પુનરાવર્તન આવશ્યક છે

  - કારણ કે એકવારમાં સમજાશે નહીં
  - વારંવાર કહેવાથી ગ્રહણ / ધારણ થાય

* સમજાવીશ
  આવતા મંત્રમાં

## શ્લોક - ૭

## મૃત્યુ પછી જીવાત્માની ગતિ

| જીવાત્માનું યોનિભ્રમણ | યથાકર્મ (કર્મ અનુસાર) |
|---|---|
| * જ્યાં સુધી<br>a) બ્રહ્મજ્ઞાન ન થાય<br>b) વાસના ભસ્મ / સમાપ્ત ન થાય<br>c) જીવભાવ (કર્તાભોક્તા / અહંમમ) ન મટે<br>d) દેહભ્રાંતિ નષ્ટ ન થાય<br>* ત્યાં સુધી જીવાત્મા<br>પરિભ્રમણ કરે છે<br>એક યોનિમાંથી બીજી યોનિમાં જાય<br>* જ્યારે અમુક આત્માઓ (અજ્ઞાની)<br>માતાના ગર્ભમાં પ્રવેશે<br>* અન્ય (અજ્ઞાની)<br>સ્થાવર(વનસ્પતિકાય વગેરે)માં જઈ શકે<br>* ૮૪ લાખ યોનિઓમાં<br>કર્મ / વાસના અનુસાર ભટકે છે<br>મનુષ્ય - તિર્યંચ - સ્થાવર - દેવ - નારકી | * યથાકર્મ - દ્વારા યમાચાર્યે<br>- કર્મના અફર સિદ્ધાંતની પુષ્ટિ કરી<br>- જેવાં કર્મ તેવી યોનિ પ્રાપ્ત થાય<br>* દા.ત. જેવાં બીજ તેવું ફળ<br>- કર્મના કાયદામાં કોઈ અપવાદ નથી<br>- દા.ત. દશરથ - શ્રવણ - શ્રીરામ<br>* કર્મનું ફળ વહેલું કે મોડું મળે જ<br>- વર્તમાનનાં કર્મો - ભાવિ યોનિ કેવી મળશે<br>- તેનો નિર્ણય કરે છે<br>* તેવી જ રીતે ભૂતકાળનાં કર્મો<br>- વર્તમાન દેહ તથા સુખદુઃખનો<br>- નિર્ણય કરે છે<br>* તાત્પર્ય - જીવાત્માનાં કર્મો જ<br>- પોતાની ભાવિ યોનિ / પુનર્જન્મ<br>- નક્કી કરે છે<br>* પછી તે યોનિ<br>- વૃક્ષ, પર્વત, જળ, અગ્નિ હોય<br>- ભૂચર, ખેચર, જળચર હોય<br>- મનુષ્ય કે દેવ હોય<br>* પુણ્યપાપ સમાન તો - મનુષ્ય<br>પુણ્ય ઓછું પાપ વધારે - તિર્યંચ (પશુપક્ષી)<br>પાપ અધિક - સ્થાવર<br>પાપ તીવ્ર - નરક<br>પુણ્ય તીવ્ર - દેવ<br>* દા.ત. હિલસ્ટેશન - પૈસા પ્રમાણે તેમ<br>- કર્મોનુસાર રહી<br>- પાછો બીજી યોનિમાં જાય<br>- સ્થાવર કે જંગમ<br>* બીજા ઘરે (શરીર) જાય<br>આ ઘર (શરીર) છોડે<br>* ૧૧ દ્વારવાળા શરીરમાંથી<br>- કોઈ પણ દ્વારથી જીવાત્મા નીકળે<br>- જે દ્વારથી નીકળે ત્યાં અંતિમ ક્રિયા થાય<br>જેમ કે આંખનું ફરકવું, મળ-મૂત્ર વગેરે<br>- તે અંગમાં પસીનાની બુંદ દેખાય<br>જ્યાંથી આત્મા નીકળ્યો હોય<br>* નિમ્ન દ્વારથી - આસુરી યોનિ<br>ઉપરના અંગથી - શુભ ગતિ<br>મસ્તકના ભાગથી - દેવ ગતિ<br>બ્રહ્મરંધ્રથી - મુક્તિ |
| | * જૈન માન્યતા - ૩ થી ૪ સમયમાં જન્મ<br>હિંદુ માન્યતા - વધારેમાં વધારે ૧૩ દિવસ પછી જન્મ<br>તેથી તેરમું - લાડવા ખાઈ - છૂટા<br>હવે યાત્રા શરૂ કરો- અમારી સદ્ભાવના તમારી સાથે છે |

| | |
|---|---|
| યથાશ્રુતમ્ (જ્ઞાન અનુસાર / સંસ્કાર / વાસના) | પ્રેરણા - પ્રોત્સાહન |

**યથાશ્રુતમ્ (જ્ઞાન અનુસાર / સંસ્કાર / વાસના)**

* યથાશ્રુતમ્ - જ્ઞાન / વાસના / સંસ્કાર

- શાસ્ત્ર / ગુરુ / ઉપદેશના શ્રવણથી
- જેવા સંસ્કાર ઘડાયા હોય
- તેવા સંસ્કાર પ્રમાણે તેની વાસનાઓ

* અતૃપ્ત વાસનાઓ મુજબ

- ભિન્ન ભિન્ન યોનિ / દેહ પ્રાપ્ત થાય છે

* આમ, જેવું જેનું શ્રવણ

- તેવાં તેવાં તેનાં સંસ્કાર / વાસનાઓ
- અને તે મુજબ યોનિની પ્રાપ્તિ

* દા.ત. કાશી રાજાની ૩ પુત્રીઓ

- અંબા - અંબાલિકા - અંબિકા
- વિચિત્રવીર્ય માટે સ્વયંવરમાં ભીષ્મ અપહરણ
- અંબા - શાલ્વકુમાર - તપસ્યા
- દ્રુપદને ત્યાં શિખંડી - અગ્નિસ્નાન પછી
- ભીષ્મના મૃત્યુનું કારણ

* આમ, અતૃપ્ત વાસનાએ જ

- યોનિને પ્રાપ્ત કરી
- જેવી મતિ (વાસના) તેવી ગતિ

* તેથી કહ્યું કે

- જ્ઞાન પ્રમાણે ભવિષ્યનું જીવન આધારિત છે
- સંસ્કાર, વાસના અનુસાર પુનર્જન્મ

**પ્રેરણા - પ્રોત્સાહન**

* આ વિધાનથી

- કર્મનો નિયમ - પુનર્જન્મનો સિદ્ધાંત
- સ્પષ્ટપણે નિર્દેશાયો છે

* ભારતીય દર્શનનું કેન્દ્ર

- કર્મસિદ્ધાંત આધારિત
- પરિભ્રમણ / પુનર્જન્મની માન્યતા પર

* એમ કહીને કે કોઈ પણ યોનિમાં જઈ શકે
કર્મ અને વાસના પ્રમાણે

- મનુષ્ય મનુષ્ય જ બને - પશુ નહીં
- એવું માનનારાનું ખંડન
- મિથ્યા આશાવાદ છે

* શ્રુતિજન્ય આવી વિચારણા

- મનુષ્યને સત્કર્મ કરવાં અને સદ્ભાવના કેળવવા
- પ્રોત્સાહિત કરે છે

* જેથી તે અધમ યોનિમાં પ્રવાસ કરતાં

- અટકી શકે
- ઉચ્ચ યોનિમાં જવા પ્રેરણાદાયી વિધાન

* પરમ પુરુષાર્થની દિશામાં પ્રેરણા આપી

- વાસનાક્ષયના માર્ગે વળે
- આ જ સંસારતારણનો શ્રેષ્ઠ ઉપાય છે

* **સાર**

- યમરાજ જણાવે છે કે મૃત્યુ બાદ
  નવું શરીર ધારણ કરે છે
- યથાકર્મ - યથાશ્રુતમ્
  પૂર્વકર્મના ફળસ્વરૂપે - અતૃપ્ત વાસના અનુસાર
  વર્તન / કાર્યો અને જ્ઞાન / ઈચ્છાઓ
- વિવિધ સંભાવનાઓ
  તમારાં કર્મ અને જ્ઞાન (દશા) અનુસાર
- ત્રસ કે સ્થાવરમાં જઈ શકે
  દા.ત. મનુષ્ય - વાંદો - વૃક્ષ વગેરે

## પ્રવચન-૩ તા. ૨૫-૧૦-૨૨ બપોર

<u>જનરલ</u>

### <u>ઉપનિષદ / વેદ</u>

* જીવનના પરમ રહસ્ય સંબંધમાં

- ત્રણ દૃષ્ટિઓ છે = વિપરીત છે
- ઉપનિષદ - જૈન - બૌદ્ધ વિવાદ ચાલે છે

* ઉપનિષદની દૃષ્ટિએ

- પરમતત્ત્વ એક જ છે - આત્મા નથી પરમાત્મા જ છે
- બાકી બધી તેની અભિવ્યક્તિઓ છે

* તેનો બહુ વિપરીત અર્થ લેવાયો

- જો બધું જ તેની અભિવ્યક્તિ તો
- પાપ-પુણ્ય, ચોર-સાધુ વચ્ચે ભેદ ન રહ્યો

* જો સારા-ખરાબ બન્નેમાં એ હોય

- તો કર્તવ્ય જેવું કંઈ બચતું નથી
- શુભ/અશુભ - માયા/બ્રહ્મ - ધર્મ/અધર્મ ભેદ ન રહ્યો

* પરિણામે આળસ - પ્રમાદ ઘૂસ્યો

- જેણે પ્રતિપાદન કર્યું અદ્વૈતનું
- તેમનો આશય આમ નહોતો

* તેમનો આશય તો એવો હતો કે

- છોડો તમારો અહંકાર - અહંભાવ
- વિરાટમાં તમે તમારી જાતને ડૂબાડી દો

* અલગ માનશો તો

- કર્તાભાવ - સુરક્ષાભાવ - પ્રતિયોગિતા
- સંઘર્ષ - ચિંતા જન્મશે

* પરંતુ અહં તો મટ્યો નહીં

- અહં બ્રહ્માસ્મિ બોલતો જાય
- અજ્ઞાનીએ હું જ બ્રહ્મ છું એમ લીધું

* જ્ઞાનીનો આશય હતો કે -

- હું મટવાથી - પાપ મટશે
- અજ્ઞાની પાપ ત્યાગી ન શક્યો

### <u>જૈન</u>

* જૈન દૃષ્ટિએ

- પરમતત્ત્વ એક નથી - અસંખ્ય છે
- આત્મા છે, પરમાત્મા નથી - સૌ પરમાત્મસ્વરૂપ છે

* પ્રત્યેક વ્યક્તિ સ્વયં પરમાત્મા છે

- બુંદને સાગરમાં નથી મટવાનું
- બુંદને શુદ્ધ થતાં જવાનું છે

* એક પરમાત્મા - જેવું કોઈ તત્ત્વ નથી

- પરથી છૂટા થઈ સ્વરૂપસ્થ થવાનું છે
- તેથી ભેદજ્ઞાનનો મહિમા ગાયો

* ઉપનિષદે અભેદતા પર ભાર
જૈને ભેદજ્ઞાન પર ભાર

- ભેદનો સ્પષ્ટ બોધ મુક્તિ માટે

* તેથી પ્રાર્થના નહીં, પુરુષાર્થ કરો

- પરમ શુદ્ધ ચેતના તે જ પરમાત્મા
- સારા અને ખરાબ માટે તમે જવાબદાર છો

* પ્રયોજન હતું પ્રમાદ છૂટે

- પાપનો આધાર તૂટે - વિવેકશીલ થાઓ
- આશીર્વાદની પ્રતીક્ષા ન કરો - પોતાના પગ પર ઊભા થાઓ

* પરંતુ પ્રમાદ ન છૂટ્યો - અહં વધ્યો

- કોઈ પરમાત્મા નથી - હું જ પરમાત્મા છું
- હું સઘન થયો - મૂર્ચ્છા સઘન થઈ

* ભક્તિ ગઈ - અહં વધ્યો

- સમર્પણ નહીં - માત્ર સંકલ્પ
- વિનમ્રતા ગઈ - અહંકારી બન્યો

* જેમ બ્રહ્મનો વિચાર નિષ્ફળ ગયો

- હું જ પરમાત્મા પણ નિષ્ફળ ગયો
- પ્રમાદ અને અહંકાર વધ્યા

## જનરલ

### બૌદ્ધ

* બૌદ્ધ દૃષ્ટિએ
  - ન આત્મા છે - ન પરમાત્મા છે
  - પરમ શૂન્ય છે
* સત્ય = વિરાટ શૂન્ય છે
  - પરમાત્મા કે આત્મા નથી
  - શૂન્યનો ભાસ એ જ પરમ જ્ઞાન છે
* બ્રહ્મલોક, મોક્ષ શબ્દ ન વાપરતાં
  - નિર્વાણ શબ્દનો ઉપયોગ કર્યો
  - બુઝાઈ જવું એ જ પરમ ઉપલબ્ધિ છે
* એ શૂન્યતા પ્રાપ્ત કરવી એ જ નિર્વાણ
  - જેથી ન આળસ, ન અહંકાર ઊભો થાય
  - પરંતુ ખોટી રીતે લેવાયું

* અજ્ઞાનીને લાગ્યું
  - જ્યારે કંઈ પ્રાપ્ત કરવાનું જ નથી તો સાધના કેમ કરવી?
* નાસ્તિકતા પેસી ગઈ
  - શાશ્વત સુખ જેવું કંઈ જ નથી તો
  - ક્ષણભંગુર સુખ કેમ છોડી દેવું?
* ભોગવી લેવું સારું કારણ કે
  - આગળ તો માત્ર શૂન્ય જ છે
  - તેથી વિલાસ ઘૂસી ગયો

### સમન્વય

* અપેક્ષાભેદે જુઓ - ત્રણેયમાં ભેદ નથી
  - ભલે વક્તવ્ય ભિન્ન - સાર ભિન્ન નથી
  - વક્તવ્ય વિપરીત છે - પ્રયોજન / અભિપ્રાય એક જ છે
* જે આશય નથી સમજી શકતો
  - તે એકતા નથી જોઈ શકતો
  - ભેદ જોઈ - વિવાદગ્રસ્ત બને છે

* સિદ્ધાંતનું મૂલ્ય નથી - ધર્મનું છે
  - ધર્મ - જ્ઞાનીઓનો અભિપ્રાય / આશય
  - ઈશારો પકડવો જોઈએ
* એક જ અભિપ્રાય છે -
  - તમે બદલાઈ જાઓ - અહં આદિથી મુક્ત થાઓ
  - શબ્દો ન પકડો - દિવ્યતા પકડો
* વિવાદમાં નહીં અટકો
  - આશયનું ચિંતનમનન કરો
  - માત્ર બુદ્ધિમાં નહીં - પ્રાણ સુધી - તો રૂપાંતરણ આવશે

* જ્ઞાની ગમે તે કહે - અજ્ઞાનીની ચાલાકી
  - પોતાના પ્રમાદ માટે છટકબારીઓ શોધે
  - ચાલાકીથી સંપ્રદાય નિર્મિત કરે
* આત્માર્થી ઈશારો પકડે
  - સત્ય સુધી પહોંચે છે
  - દા.ત. માર્ગસ્તંભ પર અટકતો નથી - એ દિશામાં આગળ વધે છે
* અલગ અલગ રીતે માર્ગ દર્શાવવામાં આવે છે
  - મંજિલ એક જ છે
  - માર્ગ એક જ છે
* જુદાં જુદાં શબ્દો - પદ્ધતિઓ - સાધનો
  - તે જ નિઃશબ્દ મૌન તરફ દોરી જાય
  - પરમતત્ત્વ એક છે

## શ્લોક - ૮

## ગુહ્ય બ્રહ્મોપદેશ - સ્વપ્નજગત રચે છે - સર્વ તેને આશ્રિત

### સ્વપ્નસૃષ્ટિ રચે છે

I)

* બ્રહ્મનો ગુહ્ય ઉપદેશ આપતાં યમરાજ જણાવે છે
  - નિદ્રામાં જ્યારે ઈન્દ્રિય નિષ્ક્રિય હોય
  - ત્યારે પણ આત્મા તો જાગતો હોય છે
* કારણ કે સ્વપ્નમાં જે જે ભોગ્યપદાર્થો
  - જરૂરી હોય - તેનું આત્મા નિર્માણ કરે છે
  - સ્વપ્નનાં પાત્રો - પદાર્થોનું નિર્માણ કરે છે
* સ્વપ્નકાળે - સ્થૂળ દેહ, ઈન્દ્રિય સાથે
  - સંબંધ તૂટે છતાં સંકલ્પથી
  - સ્વપ્નસૃષ્ટિ રચે છે
* પુરુષ - આત્મા નિદ્રામાં જાગૃત રહે છે
  - સ્વપ્નમાં તૃષ્ણાના પદાર્થોને ઘડે છે
  - આપણે નિદ્રામાં હોઈએ ત્યારે પણ
* સ્વપ્ન એ માનસિક પ્રવૃત્તિ છે
  - ચેતનાની પ્રવૃત્તિ (માટી ઉપાદાન કારણ)
  - અવચેતન મન દ્વારા (કુંભાર નિમિત્ત કારણ)
* આમ, નિદ્રામાં - શરીર સૂતું છતાં
  ભીતર કંઈ જાગતું રહે છે
  - દા.ત. તમારું નામ સાંભળો - તુરંત જાગો છો
  - દા.ત. નિદ્રા પછી - સારી નિદ્રા આવી
* નિદ્રામાં - સ્વપ્નસૃષ્ટિ રચે છે
  - શરીર સૂતું હોય છતાં જે જાગતું રહે છે
  - તે આત્મતત્ત્વ છે
* જાગૃત થતાં સ્વપ્ન મિથ્યા ભાસે છે
  - સ્વપ્નકાળે લાગતું નથી
  - જાગૃતકાળે તે મિથ્યા છે - એમ જ્ઞાન થાય છે
* તે જ પ્રમાણે જ્ઞાનકાળે
  - જાગૃત અવસ્થાનું જગત પણ મિથ્યા જણાય
  - સત્ય એક આત્મા જ છે - જ્ઞાનસ્વરૂપ બ્રહ્મ

### તમામ લોક તેમને આશ્રિત

* મનુષ્ય - ચેતનની ત્રણે અવસ્થામાંથી
  - દરરોજ પસાર થાય છે
  - સુષુપ્તિ - સ્વપ્ન - જાગૃત
* આ ત્રણેને જાણનાર - ભિન્ન રહી
  - દા.ત. સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય
  - તે નિરંતર પ્રકાશિત તત્ત્વ તે આત્મા છે
* આત્મતત્ત્વ - ત્રણે અવસ્થામાં
  - વિદ્યમાન - ન્યારો - સાક્ષીરૂપ છે
  - કદી સૂતો નથી કે જાગતો નથી
* દા.ત. શેરીમાંનો દીપક તેનાથી પ્રકાશિત
  - થતી ઘટનાઓથી અલિપ્ત રહે છે
  - તેમ આત્મા પણ વિશુદ્ધ (शुक्रम्)

II)

* તેથી કહ્યું સમગ્ર જગત / લોક
  - આત્માને જ આશ્રિત રહ્યો છે
  - કોઈ તેનું અતિક્રમણ કરી શકતું નથી
* સ્વપ્નસૃષ્ટિ અને જાગૃતસૃષ્ટિ
  - તમારું સ્વપ્નજગત અને
    જાગૃત જગતનાં તમારાં મત / છાપ
  - સર્વ બ્રહ્માશ્રિત છે - બન્ને મિથ્યા
* બ્રહ્મ / આત્મસ્વરૂપ તો
  - શુદ્ધ - બુદ્ધ - ચૈતન્યઘન છે
  - હું તેવો છું - તે બોધ થવો જોઈએ
* સૃષ્ટિઓ ચેતનામાં અસ્તિત્વ ધરાવે
  - કોઈ તેની પાર ન જઈ શકે
  - અહં બ્રહ્માસ્મિમાં સ્થિર રહો

III)

* હે નચિકેતા
  - બ્રહ્મ આત્મા - શુક્ર છે - શુદ્ધ છે - અમૃત છે
  - આ જ બ્રહ્મનું સ્વરૂપ છે
* આ તે છે જે
  - તેં પૂછ્યું હતું
  - एतद् वै तत्

## શ્લોક - ૯

## આત્માનું ઉપાધિ પ્રતિરૂપત્વ - દા.ત. અગ્નિ

| જેમ અગ્નિ | તેમ બ્રહ્મ / આત્મા |
| --- | --- |
| * જેમ અગ્નિ માત્ર એક જ હોવા છતાં<br>- અનેક પ્રકારનાં કાષ્ઠમાં અર્થાત્<br>- ભિન્ન ભિન્ન વૃક્ષોનાં જેવાં રૂપ હોય તેવાં રૂપમાં તેના જેવો જ રૂપનો થઈ કાષ્ઠમાં વસે છે<br>* છતાં એવો અર્થ ન કરાય કે વૃક્ષના લાકડાની બહાર અગ્નિ નથી કારણ કે<br>- કાષ્ઠની બહાર પણ સૂર્યમાં અગ્નિ જ છે તેમ કોલસા, ચકમકતા પથ્થરોમાં પણ તે છે (ઘસતાં પ્રગટે છે) | * તેમ આત્મા એક છે છતાં<br>- પ્રાણીમાત્રના દેહમાં અંતરાત્મા થઈ વસે છે<br>- વળી ભૂચર / ખેચર / જળચર જેનો દેહ જે આકારનો હોય છે તે આકારનો થઈને અંતરાત્મારૂપે તે તે દેહમાં વસે છે<br>* આમ છતાં આત્મા તો સ્વયં એક, અભેદ અને અરૂપી જ છે<br>- અનેક શરીરોમાં વસનારો અંતરાત્મા તો પ્રાણીમાત્રનાં શરીરોની બહાર પણ પર્વતમાં, સાગરમાં, નદીમાં, આકાશમાં રહેલો છે |
| * અગ્નિ તો એક જ છે જે સામાન્ય અગ્નિ કહેવાય છે<br>- છતાં અભિવ્યક્તિમાં ભેદ ભાસે છે<br>- દા.ત. ચૂલામાં - લાકડાનો, કોલસાનો, ગોબરનો, સોલાર, ઈલેક્ટ્રિક ચૂલો<br>* સામાન્ય અગ્નિ એક હોવા છતાં<br>- પરંતુ જ્યારે વ્યક્ત થાય છે ત્યારે દૃશ્ય આકાર થઈ વિવિધરંગી બને છે<br>- જે જે ઉપાધિ (લાકડું, કોલસો, ગેસ) દ્વારા અગ્નિ પ્રગટે - તે તે ઉપાધિનું જ રૂપ લે છે<br>* **તાત્પર્ય** - પ્રગટેલો અગ્નિ અનેક આકાર-રૂપ / રંગવાળો બને છે તે વિશેષ અગ્નિ છે<br>પરંતુ અગ્નિતત્ત્વ તો એકનું એક<br>* જેમ અગ્નિ - એક હોવા છતાં જે આકારમાં પ્રવેશે તેવાં વિવિધ રૂપ ધારણ કરે<br>તેમ આત્મા સર્વ જીવંત પ્રાણીઓમાં - તેઓના આકાર અનુસાર રૂપ લે | * આત્મા તો એક જ છે જે સામાન્ય ચૈતન્યરૂપ કહેવાય છે<br>- છતાં અભિવ્યક્તમાં ભેદ ભાસે છે<br>- દા.ત. ભૂતમાત્રના ભિન્ન ભિન્ન દેહાકારે ભિન્ન ભિન્ન ભાસે છે<br>* દા.ત. જેમ જળતત્ત્વ નિરાકાર છે છતાં<br>= પાત્રનો જેવો આકાર હોય તેવો આકાર જળ ગ્રહણ કરે છે - ઘડાકારે, લોટાકારે, ડોલાકારે<br>= આત્મા જેવા દેહમાં વસે તેવા આકારવાળો જણાય છે વાસ્તવમાં એકરૂપ જ છે<br>* દેહમાં પણ છે - દેહ બહાર પણ છે<br>- વેદાંત માન્યતા - એક બ્રહ્મ જે અધિષ્ઠાનરૂપ છે દેહની અંદર - બહાર પણ<br>- જૈન માન્યતા - સર્વ જીવમાં તમારા દેહની બહાર સમાન આત્મસ્વરૂપ છે<br>* ઉપનિષદ માન્યતા અનુસાર<br>- બહાર અને અંદર<br>- દા.ત. આકાશ ઘટમાં કે ઘટ આકાશમાં ઘટાકાશ - મહાકાશ<br>* તાત્પર્ય - બધામાં ચેતન એક છે<br>- સર્વમાંઆત્મસ્વરૂપ એક જ-અભિવ્યક્તિ મનુષ્ય, તિર્યંચ, દેવ, નારક<br>- દ્રવ્યદૃષ્ટિ રાખ્યે વિકલ્પો / વિકારો ઘટે - નષ્ટ થાય છે |

## શ્લોક - ૧૦

## આત્માનું ઉપાધિ પ્રતિરૂપત્વ - દા.ત. વાયુ

### જેમ વાયુ

* આત્માનું આવું ઉપાધિ પ્રતિરૂપત્વ છે
  - એક હોવા છતાં પ્રતિરૂપે અનેક રૂપવાળો જણાય છે
  - આ જ તે આત્મતત્ત્વ - જેના વિષે તેં પૂછેલું
* પૂર્વવિચારનું આ મંત્રમાં ભિન્ન દૃષ્ટાંતથી
  - પુનરાવર્તન જોવા મળે છે
  - પૂર્વવિચારના દૃઢીકરણ માટે બીજું દૃષ્ટાંત
  - તેના જ માટે બીજું રૂપક
* આગલા મંત્રમાં 'એક સત્'નો જે નિર્દેશ
  - તેની અદ્વિતીયતા સમજાવવા બીજી ઉપમા
  - પુનરુક્તિમાં મહત્તા અને સૌંદર્યનું દર્શન થાય છે

---

* અવ્યક્ત વાયુ તો માત્ર એક જ તત્ત્વ છે
  - પરંતુ તે વાયુ વિવિધ રૂપોમાં
  - વિભિન્ન ભાસે છે
* જેમ વાયુ - એક છતાં
  - જે આકારમાં પ્રવેશે તેવાં વિવિધ રૂપ ધારણ કરે
* વાયુ
  - ઘડા - ફેફસાં - મૂત્રાશયમાં એક છે
  - ચક્રવાત - વંટોળિયા - વાવાઝોડામાં એક છે
  - પેટનો વાયુ - બગીચાનો વાયુ એક છે
* આકાર - કાર્યો જુદાં છે
  - પરંતુ એક જ વાયુ છે
  - જુદા દેખાવ પરંતુ આંતરિકપણે એક
* તેમ સર્વ જીવંત પ્રાણીઓમાં આત્મા - એક છતાં
  - જે આકારમાં પ્રવેશે તેવાં રૂપ ધારણ કરે
* દેહભીતર - દેહબહાર (અન્ય આત્માઓ)

  દા.ત. વેદની માન્યતા - તમારી બહાર અસ્તિત્વ ધરાવે માત્ર ચેતના છે

  દા.ત. જૈન માન્યતા - સર્વ આત્માનું એક જ સ્વરૂપ

### તેમ આત્મા

* જેમ અવ્યક્ત વાયુ એક તત્ત્વ
  - હોવા છતાં વિભિન્ન દેહમાં પ્રગટ થાય
  - ત્યારે ઉપાધિ મુજબ જુદો ભાસે
* તેમ બ્રહ્મ - ચૈતન્યસ્વરૂપે
  - એક અને અભેદ છે છતાં
  - ભૂચર - ખેચર - જળચરના જેવા આકાર હોય તેવો થાય છે
* કીડીના શરીરમાં કીડીના આકારવાળો
  હાથીના શરીરમાં હાથીના આકારવાળો

  આમ છતાં આત્મા તો એક (સ્વરૂપ)
  હોવા છતાં પ્રાણીઓના દેહમાં
  ભીતર / બહાર પણ રહેલો છે

---

#### કઠોપનિષદની પ્રશંસા

* સ્વીકારેલાં ૧૦૮ ઉપનિષદો પૈકી
  કઠોપનિષદ જેટલું કર્ણપ્રિય
  કાવ્યાત્મક - અન્ય કોઈ ઉપનિષદ નથી
* સંસ્કૃત સાહિત્યમાં કાવ્ય અને
  તત્ત્વજ્ઞાન - એમ બન્નેના માટે
  કઠોપનિષદ સર્વોત્કૃષ્ટ છે
* કઠોપનિષદમાં આપણને કવિતા
  અને તત્ત્વજ્ઞાનનું સુભગ મિલન
  જોવા મળે છે
* આગળ કહેલાં વિધાનોમાં રહેલા
  સત્યની સાબિતી માટે આ બે મંત્રો
  પૂરતો પુરાવો છે - હવે

---

સૂર્યનું ત્રીજું રૂપક

## શ્લોક - ૧૧

## આત્માના અસંગત્વનું દર્શન - દા.ત. સૂર્ય

## સુખદુઃખમાં લેપાતો નથી

### જેમ સૂર્ય

* સર્વલોકસ્ય ચક્ષુઃ
  - સમગ્ર વિશ્વના ચક્ષુ સમાન - સૂર્ય
  - આત્મા માટે સૂર્યનું ત્રીજું રૂપક
* સૂર્યની પ્રકાશક શક્તિ વગર જગતમાં
  - વિષયોનાં વિવિધ રૂપ / રંગ વચ્ચે વિવેક
  - થઈ શકે નહીં - તેથી સૂર્યને વિશ્વની આંખ કહી
* સૂર્ય - આખા જગતની આંખ છે
  - કારણ કે આંખ માત્ર પ્રકાશના કારણે જોઈ શકે
  - આંખને જોવા માટે પ્રકાશ સહાયક માધ્યમ છે
* પ્રકાશનો સ્રોત - સૂર્ય -
  - આંખોની ખામીઓથી મલિન થતો નથી
  - પ્રકાશ શુદ્ધ રહે - આંખો તેના દ્વારા જે જુએ તેનાથી મલિન નહીં

---

* સૂર્ય સૌને પ્રકાશે છે છતાં
  - પ્રકાશિત પદાર્થોના ધર્મથી લિપ્ત થતો નથી
  - સદા અસંગ રહે છે
* સૂર્યપ્રકાશ
  - દા.ત. ગંગા નદી પર પડે - તેથી પવિત્ર થતો નથી
  - દા.ત. કચરા પર પડે - તેથી અપવિત્ર થતો નથી
* સૂર્ય બહારના દોષોથી (बाह्यदोषैः) દૂષિત થતો નથી
  - દા.ત. કોલસાને પ્રકાશિત કરતાં - કાળો થતો નથી
  - દા.ત. કપૂર / ચંદનને પ્રકાશિત કરવાથી - સુગંધી થતો નથી
* શુદ્ધ - અશુદ્ધ જોતાં
  - સૂર્યના પ્રકાશને અસર નહીં
  - દૂષિત થતો નથી

### તેમ આત્મા

* સૂર્યની જેમ - આત્મા પણ
  - થતો નથી
  - શુદ્ધ / અશુદ્ધ - પવિત્ર / અપવિત્ર
* તે નિરંજન છે
  - સદા શુદ્ધ
  - જેને જાણે તે દ્વારા મલિન નથી થતો
* આત્મા સુખી / દુઃખી નથી થતો
  - સુખદુઃખ મનના ધર્મો છે
  - આત્મા મનની પાર છે
* આત્મા શુદ્ધ ચૈતન્ય છે
  - પીડા / શોકથી મલિન નથી
  - જે તે જાણે - સાક્ષીરૂપે
* વિચારો મનમાં પ્રવેશે પરંતુ
  - તમારી ચેતનામાં કંઈ બદલાતું નથી
  - આત્મસ્વરૂપ અપરિવર્તનશીલ છે વિચારોના અભાવ કે સદ્‌ભાવમાં
* કર્મજનિત પરિસ્થિતિ - મનકૃત સુખદુઃખથી
  - આત્મા લેપાતો નથી
  - પરમ સત્‌ને તેની કોઈ અસર થતી નથી

---

* આમ, સૂર્યની જેમ આત્મા સૌને પ્રકાશે
  - લેપાતો નથી - અસંગ રહે છે
  - પ્રશ્ન થાય - તો સુખી દુઃખી થાય છે કોણ?
* સુખદુઃખ અવિદ્યાજન્ય છે
  - અવિદ્યા આત્મામાં નથી પરંતુ
  - વિપરીત બુદ્ધિમાં છે
* આત્માની સત્તા વડે મન-બુદ્ધિ પ્રવર્તે છે
  - માટે આરોપ આત્મા પર થાય છે
  - પરંતુ બુદ્ધિ લેપાયમાન થાય છે
* આત્મા તેનાથી ખરડાતો નથી
  - જો બુદ્ધિ શુદ્ધ - સૂક્ષ્મ થાય
  - તો બ્રહ્મદર્શન પામે

---

* વેદાંત માન્યતા અનુસાર
  - મન-બુદ્ધિ આત્માની બહાર છે
  - આત્મા અસંગ - મનબુદ્ધિ લેપાય છે
* જૈન માન્યતા અનુસાર
  - આત્માની પર્યાય લેપાય છે
  - તેનું સ્વરૂપ ત્રિકાળ શુદ્ધ છે

**પ્રવચન-૪ તા. ૨૬-૧૦-૨૨ સવાર**

<u>જનરલ</u>

<u>સ્વરૂપ શુદ્ધ છે</u>

* દા.ત. રવિન્દ્રનાથ ટાગોરનાં સંસ્મરણોમાં

  - સમુદ્રકિનારે ચાલતા હતા - ખાડા જોયા
  - ગંદા પાણીમાં - સ્વચ્છ પાણીમાં - સૂર્યનું પ્રતિબિંબ સમાન

* પ્રતિબિંબ ગંદું થતું નથી

  - કોઈ ગંદકી ગંદું કરી શકતું નથી
  - પર્યાય અશુદ્ધ છતાં સ્વરૂપ અશુદ્ધ નહીં

* ચોર કે સાધુમાં

  - તે સમાન છે - વિકૃતિ પર્યાય સુધી
  - શુદ્ધ સ્વરૂપને સ્પર્શી ન શકે

* ધ્યાન - આત્મનિરીક્ષણ

  - શુદ્ધ સ્વરૂપ પર કેન્દ્રિત
  - પર્યાયની અશુદ્ધિ પર કેન્દ્રિત

* સ્વરૂપબોધથી - શાંતિ, સુખ

  - પર્યાયની અશુદ્ધિ / વાસના તૂટે છે
  - પાપનો આધાર છૂટી જાય છે

---

* અજ્ઞાની ઊલટું પકડે છે

  - કદી અશુદ્ધ નહીં તો
  - પાપ કરવાનો શું વાંધો છે
    શું ફરક પડે છે

* તેથી શુદ્ધ સ્વરૂપ તરફ

  - વળવાનું સૂઝતું નથી
  - વેદન થતું નથી

* ભીતર જે ત્રિકાળી શુદ્ધ તત્ત્વ છે

  - તે સાક્ષીમાત્ર છે - કર્તા નહીં
  - કતૃત્વ-ભોક્તૃત્વ તો પર્યાયનો ખેલ છે

* જો તમે તમારાં કર્મ / પરિણામોના

  - સાક્ષી બનવા લાગો તો સ્વરૂપ તરફ સરકશો
  - સાક્ષીસ્વરૂપ જાગવા લાગશે

* જેમ જેમ તેના પ્રત્યે હોશપૂર્ણ થશો

  - પાપ ખરવા લાગશે -
  - જીવનમાંથી જવા લાગશે

## શ્લોક - ૧૨

## આત્મદર્શી જ નિત્ય સુખી

### તે આત્માનું દર્શન કરનાર

* एकः वशी – એક અદ્વિતીય - સૌને વશ રાખનાર
  - એક અદ્વિતીય હોવા છતાં અનેકને
  - પોતાના વશમાં / નિયંત્રણમાં રાખે છે
* તત્ત્વાર્થે-સૌને સત્તા / સ્ફૂર્તિ પ્રદાન કરી વશમાં રાખે છે
  - આત્મા = એક / સર્વવ્યાપ્ત / સ્વયંજ્યોતિ / સ્વતંત્ર / શુદ્ધ / સર્વાધિષ્ઠાન છે

* તેમ છતાં ઉપાધિભેદે અનેક ભાસે છે
  - અનેકતા મિથ્યા છે - એકતા સત્ય છે
  - અંતર્ગત મૂળભૂત સત્ય એક છે - અનુભવવાનું છે
* જૈન માન્યતા અનુસાર પણ
  - સત્‌પણું - હોવાપણું જડ ચેતનમાં સમાન
  - ચૈતન્યતા - બધા જીવમાં સમાન છે
* એક રૂપ - અનેક અભિવ્યક્તિઓ
  - સમાનતા પર લક્ષ કરો
  - ભેદ / અનેકતાની ઉપેક્ષા કરો
* કારણ કે તે સત્ય છે માત્ર
  - અજ્ઞાનકાળમાં (ઉપાધિ / નામરૂપ પર લક્ષ)
  - જ્ઞાનકાળે સમાન (આત્મસ્વરૂપ પર લક્ષ)

* આત્મા એક / સૂક્ષ્મ / સ્વયં આધારરહિત દશ્યપ્રપંચનો આધાર છે
  - દા.ત. જેમ દર્પણમાં મુખનું પ્રતિબિંબ જણાય છે
  - પ્રતિબિંબિત મુખનો આધાર - દર્પણ નથી
  - મુખ છે (બિંબ) કારણ કે
  - દર્પણ તૂટતાં પ્રતિબિંબ નષ્ટ - બિંબ નહીં
  - બીજું દર્પણ લાવો - પુનઃ પ્રતિબિંબ દેખાય
* એ જ પ્રમાણે દેહ / અંતઃકરણમાં - આત્માનું પ્રતિબિંબ
  - જે જીવાત્મારૂપે ભાસે છે - આત્માના આધારે છે, દેહના નહીં
  - દેહ નષ્ટ થતાં / અંતઃકરણનો બાધ થાય
  - છતાં જીવાત્મા નષ્ટ થતો નથી
  - દા.ત. ઘડો ફૂટતાં ઘટાકાશ મહાકાશ થાય
  - જીવ આત્માનું ઐક્ય છે

### શાશ્વત સુખની પ્રાપ્તિ કરે છે

* આવું ઐક્યદર્શન કરનારો ધીર પુરુષ
  - શાશ્વત સુખને પ્રાપ્ત કરે છે
  - શાસ્ત્ર / ગુરુ દ્વારા જે જાણે તે નિત્ય સુખ પામે
* પરંતુ તેવું સુખ અન્ય કોઈને નથી
  - અજ્ઞાનીને - આત્મજ્ઞાન વગર
  - મળતું નથી
* જે અજ્ઞાની જીવ
  - દેહને આત્મા માને છે
  - બહિર્મુખી - સંસારાસક્ત છે
  - જે અવિદ્યાગ્રસ્ત છે - અશાંત મનવાળો
  - ગુરુકૃપાથી વંચિત છે
    તે શાશ્વત સુખ પામતો નથી

* વિવેકી જેઓ આવા આત્માને
  - પોતારૂપ જાણે છે
  - અનંત આનંદને અનુભવે
* માત્ર જેઓએ શુદ્ધ આત્માનો અનુભવ કર્યો
  - શાશ્વત સુખ અનુભવે
  - કારણ કે આત્મા સુખધામ છે
* અન્યને ઉપલબ્ધ નહીં
  1. જેમની પાસે ઘણું પુણ્ય - પાત્રતા નહીં
  2. લક્ષ્મી-અધિકાર-પરિવાર-પ્રશંસા પાછળ ભાગનારા - તેને પ્રાપ્ત કરનારા
  3. શાસ્ત્રને મેનુકાર્ડની જેમ મુખપાઠ કરનારા

* આત્માનું જ્ઞાન થયે -
  - સાથે આનંદની પણ પ્રાપ્તિ થાય
  - બાહ્ય વિષયોમાં રાચતાને નહીં
  - કારણ કે પશ્ચાત્ દુઃખ / આભાસિક
* વિવેકી જ - શાશ્વત સુખના અધિકારી છે
  - મન દ્વારા સત્‌ને જોનાર - જાણનાર
  - વિવિધતા જોઈ ઉલઝાય છે
  - ‘તે’ને જાણનાર જ શાશ્વત સુખ

## શ્લોક - ૧૩

## આત્મજ્ઞાનીને જ શાશ્વત શાંતિ મળે

### જે ૩ બાબતો જુએ છે

* નિત્યોઽનિત્યાનાં

- સર્વ અનિત્ય પદાર્થોમાં જે નિત્ય
  અસ્તિત્વરૂપે રહેલો છે
- પરિવર્તનોમાં જે અપરિવર્તનશીલ છે
  વિશ્વ - શરીર - મન - બુદ્ધિ

* વિશ્વ સદા પરિવર્તનશીલ છે
શરીર પણ સદા પરિવર્તનશીલ છે

- વિજ્ઞાન કહે દર ૭ વર્ષે સંપૂર્ણતયા
  બદલાય છે (જૂના કોશો નાશ - નવા ઉત્પન્ન)

* પરિસ્થિતિ બદલાય છે - શરીર બદલાય છે
માનસિક ઘડતર - બૌદ્ધિક ખ્યાલો બદલાય
પર્યાયો બદલાય છે

આ નિરંતર પરિવર્તનશીલમાં જે
અપરિવર્તનશીલ તત્ત્વ ઉપર દૃષ્ટિ
દા.ત. સ્ક્રીનને જુઓ - ફિલ્મને નહીં
દૃશ્યમાં અદૃશ્યરૂપે મોજૂદ છે

* चेतनश्चेतनानाम् - ચેતનામાંનું ચૈતન્ય

- શરીર મન બુદ્ધિનું ઉપકરણ સ્વયં જડ છે
- આત્માની સત્તા વડે પ્રવર્તે છે
- આત્માના કારણે ચેતનવંતુ / પ્રવૃત્ત

* આત્મા શુદ્ધ સ્વરૂપી છે

દા.ત. લોટામાં ગરમ પાણી - લોટો ગરમ કે પાણી?
ઉષ્ણતા શેમાંથી? - બન્ને નહીં
ધાતુધર્મ નથી - પાણીધર્મ પણ નથી
માત્ર પાણીની પર્યાય છે - સંસર્ગથી લોટો ગરમ

* विदधाति कामान्

- જે મનુષ્યની કામનાઓ પરિપૂર્ણ કરે છે
- કર્મના નિયમ અનુસાર ફળ પ્રાપ્ત કરે છે
- તે નિયમ પાછળ રહેલા પરમ ચૈતન્યની
  શક્તિ રહેલી છે

* જીવોને કર્માનુસાર ફળ પ્રાપ્ત થાય છે

- આત્મા નિત્ય છે - કરેલ કર્મનું ફળ ભોગવે છે
- કૃતનાશ - અકૃતાભ્યાગમ દોષ લાગે
  જો નિત્ય ન હોય - સુખદુઃખ પ્રાપ્ત થાય
- સુખદુઃખરૂપી ફળ દ્રવ્યકર્મોના કારણે
  ભાવકર્મના કારણે - જે ચેતનરૂપ છે
- આમ ચૈતન્ય અનાદિ - અનંત છે
  પુનર્જન્મ - સુખદુઃખ ચેતનશક્તિના કારણે છે

### અટલ શાંતિને પ્રાપ્ત કરે છે

* આમ આત્મા,

a) ચેતન હોવા છતાં જડ અનિત્ય પદાર્થોમાં વસનારો છે
b) દેહાદિને પ્રવૃત્ત કરે છે પોતાની મોજૂદગી છે
c) એકસ્વરૂપ હોવા છતાં અનેક કામના પૂર્ણ કરે છે
(પોતાની વિભાવશક્તિના કારણે - ભાવકર્મ -
દ્રવ્યકર્મ ઉદય - ફળ ભોગવવું)

* આવા આત્માને

a) અનિત્ય વચ્ચે જે નિત્ય
b) બુદ્ધિમાં રહેલું ચૈતન્ય
c) કર્મફળનું વિધાન કરનાર
(ઇચ્છાઓ / વિચારો જાગે છે ચૈતન્યના
અસ્તિત્વના કારણે)

* જે ધીર પુરુષ

- જાણે - જુએ - પ્રગટાવે - અનુભવે
  શાશ્વત શાંતિ પામે
- તેઓ શાશ્વત શાંતિના માલિક છે અને બીજું કોઈ નહીં

* અવિવેકી - બહિર્મુખી - સ્થૂળ બુદ્ધિવાળો હોય

- તેને શાશ્વત શાંતિ પ્રાપ્ત થતી નથી
- नेतरेषाम्

* આત્મપ્રાપ્તિ થવાના કારણે

- જન્મમરણરૂપ અશાંતિનો સદા અભાવ
- સંતોષ અને તૃપ્તિના કારણે વિકલ્પોનો અભાવ
- વાસનાક્ષયના કારણે વિકારનો અભાવ
- કષ્ટમાં પણ - સ્વકૃત દુઃખ નહીં
  કારણ કે વિભાવનો અભાવ

* પ્રથમ ઉપશમ સુખ
વિકલ્પોની મંદતાના કારણે

પછી આત્મિક સુખ
વિકલ્પના અભાવના કારણે

* ઇચ્છાઓ / વિચારો ચેતનામાં ઊપજે તેથી
શુદ્ધ આત્મા ન અનુભવાય

તેના અભાવે - આત્મસ્વરૂપ જેમ છે તેમ
જણાય - વેદાય - શાંતસ્વરૂપ છે આત્મા

* શાન્તાહં - છે આત્મસ્વરૂપ
શાંતિ બહાર નથી - અપ્રાપ્ત નથી - માત્ર
વિસ્મૃત છે - સાધના દ્વારા અનુસંધાન કરવાનું છે

* ભીતરના આ સ્વભાવની જેને પ્રતીતિ થાય છે
તે જ કેવળ અટલ શાંતિને પ્રાપ્ત કરે છે

## શ્લોક - ૧૪

## અનુભવ અનિર્દેશ્ય છે - કઈ રીતે અનુભવું

### તે અવર્ણનીય છે

I) ભૂમિકા

* આગળના શ્લોકમાં સમજાવ્યું હતું
  - આત્મા - ઈન્દ્રિય, મન, બુદ્ધિથી પરે છે
  - છેલ્લા બેમાં અપરોક્ષાનુભૂતિથી આત્માનંદ / શાંતિનું નિરૂપણ
* આથી સ્વાભાવિકપણે સાધક મૂંઝાય
  - યમ પાસે આત્મતત્ત્વ સંદર્ભે શ્રવણ કર્યા બાદ
  - નચિકેતા પ્રામાણિક પ્રશ્ન ઉઠાવે છે - શાંતિ - આનંદ મળે કઈ રીતે?

II) જ્ઞાનીઓ અનુભવી

* વિવેકબુદ્ધિ ધરાવતા ઋષિ / જ્ઞાની
  - ઈન્દ્રિય, મન, બુદ્ધિથી પરે જઈ અનુભવે છે
  - તેની અપરોક્ષાનુભૂતિ કરી - સુખશાંતિ પામે છે
* ધીર પુરુષો - વિવેકી - જ્ઞાની
  - આ ઉચ્ચ સુખ અનુભવે પણ કહે
  - અનુભવી શકાય - પરંતુ વર્ણવી ન શકાય

III) સુખ અવર્ણનીય

* ઈન્દ્રિયવિષયોનું સુખ
  - વર્ણવી શકાય - પરંતુ परमं सुखम्
  - નિર્દેશી ન શકાય
    વર્ણવવા કોઈ ભાષા નહીં - अनिर्देश्यं
* બ્રહ્મતત્ત્વ - નિર્દેશ ન કરી શકાય તેવું છે
  - દા.ત. આંગળી ચીંધીને બતાવી શકાય તેવું નથી
  - વાચાતીત છે - અવર્ણનીય છે
* પ્રત્યક્ષ નથી - બુદ્ધિગમ્ય નથી
  - જ્ઞાનેન્દ્રિયો તેને જોઈ જાણી શકે નહીં
  - મનબુદ્ધિથી પણ અગોચર - અજ્ઞેય છે
* બ્રહ્મનિષ્ઠ શ્રોત્રિય ગુરુ દ્વારા
  - સમજાવવામાં આવે તે માત્ર પરોક્ષજ્ઞાન થાય
  - અપરોક્ષજ્ઞાન / સાક્ષાત્કાર થાય નહીં
* નચિકેતાને લાગે છે કે
  - ભલે તે અનિર્દેશ્ય છે પણ - બ્રહ્મનિષ્ઠ ગુરુ
  - ઉપાય બતાવે તો અવશ્ય અપરોક્ષાનુભૂતિ થાય
* કારણ કે તેમણે અપરોક્ષાનુભવ કર્યો છે
  - अहं ब्रह्मास्मिનો અનુભવ કર્યો છે
  - મારે પણ કરવો છે

### હું કઈ રીતે અનુભવું?

IV) કેવી રીતે?

* તેથી નચિકેતા કહે / પૂછે છે કે
  - कथम् नु तत् विजानीयाम्
  - આત્માને અપરોક્ષ રીતે હું કઈ રીતે જાણી શકું?
* જો તે જાણી / અનુભવી શકાય
  - હું કઈ રીતે તેને અનુભવું
  - તેનું સ્વરૂપ શું છે?
* પરપદાર્થને જાણવા - પ્રકાશની સહાય જોઈએ
  - આત્મા સ્વયં પ્રકાશિત છે
  - કે તેને કોઈ બીજા પ્રકાશ દ્વારા પ્રકાશિત કરવાનો છે?

V) વિકલ્પો

* किमु भाति – विभाति
  - શું તે સ્વયંજ્યોતિ છે? સ્વયં પ્રકાશે છે?
  - કે તે અન્ય પ્રકાશથી પ્રકાશે છે?
* નચિકેતાના મનમાં પ્રશ્ન થાય છે કે
  - પરને જાણવા માટે પ્રકાશ જોઈએ
  - અંધકાર હોય તો જાણી શકાતું નથી
* શું આત્માને જાણવા - કોઈ અન્ય પ્રકાશ જોઈએ
  - આત્મા - બહારની વસ્તુ પરપદાર્થ જેમ જણાય - તેમ જણાય
  - કે ભીતર છે અને અન્ય પ્રકાશ વિના અનુભવાય
* જો અન્ય પદાર્થની જેમ - તો બહાર તેની શોધ
  - પ્રક્રિયા બદલાઈ જશે - બહાર શોધવું
  - કે ભીતર ડૂબવું (યાત્રા કે અંતર્મુખ)
* પ્રાર્થના - ધ્યાન ..... શેનાથી?
  - પૂજા, પ્રાર્થનાના પ્રકાશથી - સાધન બહાર છે
  - ધ્યાનથી - સાધન ભીતર ગયે શુદ્ધ થતાં થતાં
* પ્રાર્થના સુગમ છે - ધ્યાન સત્ય છે
  - ક્રિયાકાંડ - દીવો કરી - દર્શન - વધારે લોકો આ પસંદ કરે
  - મનની ભીતર જઈ દર્શન - બહુ ઓછા આ પસંદ કરે

VI) આવતા સાથે સંબંધ

* પ્રશ્નનો ઉત્તર - હવે પછીના મંત્રમાં છે
  - સર્વને જાણનાર / જણાવનાર આત્મા
  - કોઈ અન્યથી પ્રકાશિત થતો નથી - તે હવે

## શ્લોક - ૧૫

## આત્મા સ્વયંજ્યોતિ - તેનાથી સૌ પ્રકાશિત થાય છે

### સૂર્યાદિ તેને પ્રકાશતા નથી

* આપણે જગતમાં વસ્તુઓ જોઈએ
  - સૂર્ય / ચંદ્ર / તારા / વીજળી / અગ્નિના પ્રકાશથી
* બાહ્ય પ્રકાશ જે પદાર્થ પર પડે
  - તેને પ્રકાશિત કરે છે
  - સૂર્યને પ્રકાશવા કોઈ અન્ય જ્યોતિની જરૂર નથી
* દા.ત. મુલ્લા - સૂર્ય - અંધકાર - દીવો લઈ જા
  - સ્વયં પ્રકાશિત છે - બીજા પદાર્થ સૂર્યપ્રકાશમાં જોઈએ છે
  - સૂર્ય માટે કોઈ પ્રકાશની જરૂર નથી

* ન તત્ર સૂર્યો ભાતિ
  - સૂર્ય સમગ્ર જગતને પ્રકાશિત કરતો હોવા
  - છતાં આત્માને પ્રકાશી શકતો નથી
* વાસ્તવમાં તો
  - આત્માના જ્ઞાનપ્રકાશથી સૂર્ય પ્રકાશે છે
  - સૂર્ય જડ હોવાથી - ન તો આત્માને જાણે ન તો આત્માને જણાવી શકે
* જ્યારે કોઈ કહે - મને સૂર્ય જણાય છે
  - આ જ્ઞાન આત્માના ચૈતન્યપ્રકાશથી થાય છે
  - ઇન્દ્રિય - મન - બુદ્ધિ જડ છે - તેનાથી ન થાય
* સૂર્ય - ચંદ્ર - તારા - વીજળી - અગ્નિ
  - પરપ્રકાશિત છે - પણ જડ છે
  - તેથી ન પોતાને જાણે - ન આત્માને જાણે
* આમ, કોઈ પણ બાહ્ય જ્યોતિ
  - આત્માને પ્રકાશી શકે નહીં
  - આત્મા સ્વયંજ્યોતિ / જ્ઞાનપ્રકાશ છે
* માટે તે પ્રકાશના અભાવમાં પણ જાણી શકે
  - દા.ત. સ્વપ્નમાં બાહ્યપ્રકાશ ન હોવા છતાં
  - આત્મા સ્વપ્નસૃષ્ટિને જાણે છે
* આત્મા - ચૈતન્ય / જ્ઞાન પ્રકાશવાળો છે
  - દા.ત. ન હોય તો સ્વપ્ન કઈ રીતે જાણે
  - દા.ત. ત્રણે અવસ્થાને જાણનારો છે

### તેના પ્રકાશથી સર્વ પ્રકાશે છે
### તે પ્રકાશે - તેની પાછળ - સર્વ કાંઈ પ્રકાશે

* આત્મજ્યોતિ - અન્ય સર્વ જ્યોતિઓને પ્રકાશે છે
  - આત્મા જ સૂર્ય વગેરે જેવી ભૌતિક
  - જ્યોતિઓને પ્રકાશે છે
* તે જ પ્રમાણે ચક્ષુ આદિ જ્ઞાનેન્દ્રિયો
  - આત્માના પ્રકાશથી જ નેત્રાદિ જોઈ જાણી શકે છે
  - તે ન હોય તો મનુષ્ય માટે સૂર્યાદિ પ્રકાશ રહેતો નથી
* જ્યાં સુધી 'જીવન' ધબકે છે / આત્મપ્રકાશ છે
  - ત્યાં સુધી જ ભૌતિક જ્યોતિઓ તથા
  - તે પ્રકાશમાં પદાર્થો જણાય છે
* તેથી - સર્વ પ્રકાશનો પ્રદાતા છે
  - તેના પ્રકાશથી જ સર્વ પ્રકાશિત થાય છે (આત્માના કારણે સર્વ પ્રકાશિત)
  - આત્મા પ્રકાશે પછી જ સર્વ કાંઈ આત્માના પ્રકાશમાં પ્રકાશે છે

* સૌપ્રથમ આત્મજ્યોતિ પ્રગટે / પ્રકાશે છે
  - તેના ચૈતન્યપ્રકાશથી - પિંડ કે બ્રહ્માંડ
  - સર્વ કાંઈ પ્રકાશે છે - જ્યારે આત્મા પ્રકાશે ત્યારે બધું તેની પાછળ પ્રકાશે
* આમ, ચૈતન્યરૂપી / જ્ઞાનરૂપી પ્રકાશ
  - અન્યને જાણી / જણાવી શકે
  - જેને ચૈતન્યજ્યોતિ પણ કહેવાય છે

* યમ નચિકેતાને કહે છે કે
  - સૂર્યનો પ્રકાશ પણ તેના પ્રકાશથી પ્રકાશિત થાય છે
  - તેથી તેને કોઈ પ્રકાશથી નહીં જોઈ શકાય
* સર્વ પ્રકાશનું મૂળ સ્રોત / આધાર છે
  ઇન્દ્રિય, મન આત્માના કારણે જાણે છે
  - આત્મા કોઈ બાહ્ય પ્રકાશથી નહીં
  - ઉપયોગ અંતર્મુખ થયે જાણી શકાય
* આત્માને જાણવા માટે
  - ભીતર સરકવું પડશે
  - આંખ તેનાથી જુએ છે
  - બાહ્ય પ્રકાશ તેનાથી જણાય છે
* તેને જાણવા કોઈ માધ્યમ(બાહ્ય પ્રકાશ)ની
  - જરૂર નથી - તે મહાજ્યોતિ - સ્વયંજ્યોતિ છે
  - ચૈતન્ય સૂર્યને પ્રકાશે - નહીં કે સૂર્ય ચૈતન્યને પ્રકાશે

<u>આત્મા સ્વયંજ્યોતિ છે</u>

* આત્મા સ્વપરપ્રકાશક - જ્ઞાનજ્યોતિ છે
  - તેને કોઈ પ્રકાશ - પ્રકાશિત થવાની જરૂર નથી
  - જ્ઞાનજ્યોતિ - ઉત્પન્ન નહીં - તેથી શાશ્વત
* અગ્નિ (જ્યોતિ) સાથે સમાનતા
  - અગ્નિ જેમ વસ્તુને પ્રકાશિત તેમ આત્મા
  - પ્રકાશકપણાની સમાનતાના કારણે આ ઉપમા
* અગ્નિ(જ્યોતિ)થી ભેદ
  - જ્યોતિ કોઈ પ્રગટાવે ત્યારે પ્રગટે
  - સ્વભાવે તેથી સ્વયંજ્યોતિ
* જેમ સૂર્ય સ્વયંપ્રકાશિત તેમ આત્મા
  - ઈંધણ ન જોઈએ - કોલસા, લાકડાં, તેલ
  - ઈન્દ્રિય, મન, બુદ્ધિ વગેરે ન જોઈએ

* પરપ્રકાશક શક્તિના કારણે
  - જીવ-અજીવ / ચર-અચર
  - પદાર્થોને જાણે છે
* સ્વપ્રકાશક શક્તિના કારણે
  - સ્વાનુભવમાં આવે તેવો છે - સ્વસંવેદ્ય
  - પોતે પોતાને પ્રકાશે છે - સ્વાનુભવ કરી શકે છે

* સ્વપરપ્રકાશક તો કેમ સ્વાનુભવ નહીં?
  - જ્ઞેયમાં જ્ઞાન રોકાય છે - એકત્વ કરે
  - દા.ત. મહેમાનની સરભરામાં યજમાન ખોવાય
* દૃશ્યમાં દૃષ્ટિ જોડાય છે
  - દા.ત. પાત્ર સાથે એકમેક - નાટક
  - દ્રષ્ટાને જાગૃતિ રાખવાની છે
* અનુભવાયેલ થી અનુભવનાર
  - જ્ઞેયથી જ્ઞાયક તરફ
  - જાણનારનું લક્ષ રાખ્યે જણાય

* આમ, સ્વપરપ્રકાશક શક્તિના કારણે
  - પોતાને પ્રકાશિત કરે છે
  - લોકાલોકને પણ પ્રકાશિત કરે છે

<u>પૂજામાં - અન્ય ઉપનિષદોમાં</u>

* આ મંત્ર અન્ય બે મુખ્ય ઉપનિષદોમાં મળે છે
  - દા.ત. મુંડકોપનિષદ (૧૧-૨-૧૦) શ્વેતાશ્વતર (૪-૧૪)
  - ભગવદ્ગીતા (અધ્યાય-૧૫)માં પણ જરા ભિન્ન શબ્દોમાં
* આ જ ખ્યાલ પ્રસ્તુત કરવામાં આવ્યો છે
  - એ જ એની મહત્તા દર્શાવે છે
  - દા.ત. સમયસારાદિ ગ્રંથોમાં પણ ઉલ્લેખ મળે છે

* આ મંત્ર - મંદિરોમાં બોલાય છે
  - આરતી પછી તરત દોહરાવાય છે
  - પછી જ ક્રિયાકાંડ સમાપ્ત થાય
* બહુ ઓછા એનો મર્મ સમજે છે
  - કેટલાક માત્ર શબ્દાર્થ જાણે છે
  - કેટલાક તે પણ જાણતા નથી હોતા
* આવી જડ ક્રિયાના કારણે
  - ધર્મ બોદો અને મહત્ત્વ વિનાનો બની ગયો છે
  - માત્ર પોપટપાઠ થતો દેખાય છે

* હવે આ મંત્ર સમજ્યા પછી
  - આરતી પછી મંત્ર બોલવાની આજ્ઞા
  - પાછળ રહેલા સ્પષ્ટ આશય સમજાય
* હે ભગવાન!
  - જ્યારે સૂર્ય આપને પ્રકાશિત ન કરી શકે
  - તો આ દીપક કઈ રીતે આપને પ્રકાશિત કરી શકે
  - આપ પ્રકાશના સ્રોત છો
  - આપ ચૈતન્યની જ્યોતિ છો
  - આપના કારણે સર્વ જણાય છે
* હે ભગવાન!
  - તે અનુભૂતિથી મને અનુગ્રહિત કરો
  - આત્માની અપરોક્ષાનુભૂતિ

* બીજી વલ્લી અહીં સમાપ્ત
  - હવે છેલ્લી વલ્લી ડિસેમ્બરમાં
  - તેમાં ૧૮ મંત્ર